
આ સર્વ સુમધુર
પુષ્પોની સુવાસ એટલે જ...




# અધ્યાત્મ


અંક : ૪

વર્ષ : ૨૦

જાન્યુઆરી–૧૯૯૯

## * યોગીનો સાચો અર્થ *

આપણી ગાડીને નાનાં નાનાં સ્ટેશનોએ ભૂલથી પણ રોકવી જોઈએ નહીં. ગંતવ્યસ્થાન સુધી તેને ચલાવ્યે જ રાખવી જોઈએ. કોઈ પણ ભાવના, લાગણી કે બુદ્ધિના પ્રસંગથી પ્રભાવિત થઈને તેને રોકી રાખવાની નથી, પરંતુ કોમલમાં કોમલ ફૂલ જેવા છતાંયે એક જડ પત્થર જેવા—સતત મનોબળવાન થઈને—આગળ ને આગળ વધ્યે જવું જોઈએ. સંસારમાં અનેક મૃત્યુંજય યોગીઓ થઈ ગયા છે, તેવા જ યોગી થવું જોઈએ. યોગીનો અર્થ જંગલમાં જવાનો કે બધું છોડી દેવાનો નથી, પરંતુ હરરોજના જીવનમાં સાવધ રહીને દૈવી સંપત્તિમાં જવાનો, કામ ને ક્રોધમાંથી પ્રેમ ને કરુણામાં જવાનો ને શરીરની અંદર ચેતના છે, તે આપણા સત્ય સ્વરૂપનો સાક્ષાત્કાર—આત્મદર્શન કરવાનો છે. આજે જગતની અનેકવિધ પ્રવૃત્તિ વચ્ચે આ સંભવિત વધારે નથી, પરંતુ આ દૃષ્ટિને વિસારે પાડવાની પણ જરીયે નથી—કેમ કે આના વિના જીવનની કિંમત એક કોડીનીયે નથી.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૪–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. ૨૫–૦૦

વિદેશમાં રૂા. ૨૦૦–૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટિબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી–સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર–૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૫૬૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી ૧, બોરડીગેટ, ભાવનગર–૧.

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઈ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૩ |
| અમૃતપળોનો આસ્વાદ–૩ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૧૧ |
| શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં | યશસ્વીભાઇ ય. મહેતા | ૧૮ |
| ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૨ | ડો. બી. જે. જાગાણી | ૨૨ |
| ધર્મ | લાભુભાઇ દવે | ૨૬ |
| અકસ્માતે આંગળી ચીંધી | મા સર્વેશ્વરી | ૨૯ |
| અમનસ્કયોગ | યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ | ૩૩ |
| વગર પૈસે પૂ. માની કૃપાથી અમારી રાજકોટ યાત્રા | નારાયણ હ. જાની | ૩૮ |
| શારદાબહેનની મીઠાઇ | ઈશ્વરભાઇ ભક્ત (પરમાર્થી) | ૪૮ |
| આત્મચિંતન | પં. દેવકૃષ્ણ શાસ્ત્રી | ૫૪ |
| ગુરુ ક્યારે મળશે? | નાનાભાઇ ભટ્ટ | ૫૬ |
| પ્રેરક પ્રસંગો | ઝિંઝુવાડીયા કનૈયાલાલ | ૫૯ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |





# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૨૦ જાન્યુઆરી–૧૯૯૯ અંક : ૪


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૮–૭–૮૧, બુધવાર, અષાઢ સુદ સાતમ, ૨૦૩૭, અમદાવાદ.**

સવારે નિયમિત ક્રમ મુજબ બધાં જ કાર્યો થયાં. સમયસર ઘંટડી વગાડતા ભોજનના પદાર્થો નીચેથી કુસુમબેન ઉપર લઇ આવ્યાં. જેથી સમયસર ભોજન લઇ લીધું.

૧૨ વાગ્યે શ્રી બાબુભાઇ શ્રી બાલમુકુન્દભાઇ મોરબીવાળા પણ પૂ. શ્રીને મળવા આવે છે.

શ્રી બાબુભાઇ કળીમાંથી ફૂલનું પ્રૂફરીડીંગ લઇ આવ્યા છે. એના ઉપરથી પૂ. શ્રી પોતાના એ નવા પુસ્તકોના પ્રસંગની વાતો કરે છે.

તેમાં મસૂરીના ગુરુજીના જીવનની વાતો કરી.

ગુરુજીના જીવનમાં આવેલા આઘાતોની વિગતવાર વાતોમાં તેમની ચિત્રશાળા બળી જવી, એમના પુત્રના મૃત્યુની, એમના શિષ્યનું મૃત્યુ, એમનાં પત્નીના મૃત્યુની વાતો વિગતવાર કરી.

માનવને એમના જીવનમાંથી પ્રતિકૂળ પ્રસંગો ને આઘાતો વચ્ચે સ્વસ્થતા શી રીતે જાળવી શકાય તે શીખવાનું મળે છે.

વાતોમાં ૧॥ થઇ ગયો. પૂ. શ્રીને પ્રણામ કરી સૌ છૂટા પડયા.

થોડા આરામ બાદ મણિનગર પૂ. શ્રીના બેનને ત્યાં જવાનું બન્યું. બેનને મોતિયાનું ઓપરેશન કરાવ્યું હતું. જેથી ત્યાં ૩ થી ૬ બેઠા.

ત્યાંથી આવીને મુલાકાત શરૂ થઇ. આજે વળી બેનોને રહેવા-ની જગ્યા વિષે વાત નીકળતાં, માતા આનંદમયીની વિગતવાર વાતો કરી.

આજે ખાસ એવી ચર્ચા ન થઇ જે નોંધવા જેવી હોય.

થોડીવાર મૌન છવાઇ ગયું. પૂ. શ્રીએ ભજનો ગાવાની સૂચના કરી. શ્રી રંજનબેન ભજન ગવડાવે છે. સૌ ભજન ઝીલે છે. પૂ. શ્રી વળી સર્વેશ્વરીને ગુરુસ્તુતિ ગવડાવવાનું કહે છે. સર્વેશ્વરી તે મોટી સ્તુતિ ગવડાવે છે. જેના શબ્દો હતા 'શ્રી યોગેશ્વર જય ગુરુદેવ, સુરવર કરે તમારી સેવ!

સ્તુતિ બાદ એક ભજન ગવડાવી કાર્યક્રમ પૂર્ણ કરે છે. સૌ પ્રણામ કરી છૂટા પડે છે.

પૂ. શ્રી ખીચડી શાકનું ભોજન લઇ લેખનકાર્ય કરવા બેસી જાય છે. આજે બપોરે મણિનગર જવાનું બને છે. તેથી લેખનનો ક્રમ રાત્રે પૂર્ણ કરવામાં આવે છે.



સર્વેશ્વરી પણ નોંધ લેખન કરી, પૂ. શ્રી સાથે થોડું ધ્યાનમાં બેસીને આરામ કરે છે.

**તા. ૯–૭–૮૧, ગુરુવાર, અષાઢ સુદ ત્રીજ, ૨૦૩૭.**

રાત્રે પૂ. શ્રી જપ કરી લે છે, તો સર્વેશ્વરી પણ રાત્રે ૧ થી ૨–૩૦ જપ કરી લે છે.

સમયસર બધા કાર્યોમાંથી નિવૃત્ત થઇ ભોજન લઇ મુલાકાત શરૂ થાય છે.

આજે દેવપ્રયાગની કુટિયાની વાતો શરૂ થઇ. એમાંથી શ્રી મગનલાલ ભટ્ટનો શ્રદ્ધાભાવ, ડો. શ્રી ચાવડાની સેવા, અમર-નાથની યાત્રાનો દૂધ ને ભોજનનો પ્રસંગ, મૌનીબાબા સ્વામી આત્માનંદનો પ્રસંગ, આજે આ બધા જ પ્રસંગોની વાતો થઇ, તેમાં ૧–૩૦ વાગી ગયા.

ઇડરના મહાત્મા ને નૃહાસિંહાચાર્ય વગેરેની પણ વાતો થઇ.

મુલાકાત બાદ પેપર વાંચન બાદ આરામ.

સાંજે સમયસર દ્વાર તો ખુલ્યુ.

પણ આજે સતત વરસાદ રહ્યો, જેથી બહારના કોઇ મુલા-કાતીઓ આવ્યા નહીં. શ્રી નંદુભાઇ અને તેમના બે છોકરા, છોકરી બેઠાં.

પૂ. શ્રીએ એમના જીવનના અનુભવને આધારે એક ભાવિક ભાઇની શ્રદ્ધાભક્તિ કેવી ભરતી ઓટ પર જાય છે. તેની વાત કરી. વળી શાંતિભાઇ રાજકોટવાળાની વાત. ગુરુજીની ને મહાત્મા ભગવાનની વાતો થઇ. શ્રી નંદુભાઇએ એક પ્રશ્ન પૂછ્યો.

**પ્રશ્ન** : આપનો પૂર્વજન્મ આવો મહાન છતાં આપે આટલું

બધું કેમ ઉગ્ર તપ કરવું પડયું? એ જરા આશ્ચર્ય થાય એવું લાગે છે.

**પૂ. શ્રી :** ભગવાન બુદ્ધ કે શ્રી રામકૃષ્ણ દેવ કે એવા બીજા અવતારી પુરુષો ગણાતા તેઓને પણ તપવું તો પડયું જ છે.

ઈશ્વર એ અંગે નક્કી કરે કે કોણે ક્યારે કેવી સાધના કરવી, ને સમાજને કેવી પ્રેરણા ધરવી.

ગરીબની ઝૂંપડીમાં જન્મ્યા, આટલું તપ થયું તો આ જમાનામાં જેને એ માર્ગે જવું છે. તેને એમાંથી પ્રેરણા મળે ને પ્રતિકૂળતા આવી, છતાં આગળ વધ્યા તો આ જમાનામાં પણ આ રીતે આગળ વધી સમાજને નવો પંથ બતાવી શકાય. એથી પણ પ્રભુ એ રીતે તપ કરાવતા હશે.

સંત જ્ઞાનેશ્વર ને શંકરાચાર્ય વગેરેના જીવનમાં ખાસ સાધના દેખાતી નથી. નાનપણથી જ તેઓ શક્તિ સાથે જન્મેલા દેખાય.

ગરીબીમાંથી પણ પ્રેરણા મળી શકે. માતાજી ઉપર લખેલા કાવ્યોમાં એક કાવ્ય એ અંગેનું લખાયું છે.

એમ કહી પૂ. શ્રીએ એવા ભાવાર્થનું કાવ્ય ગાઈ સંભળાવ્યું કે—

"નાના ગામમાં જન્મી, તમે બન્યા જગતના.
અમે એવી માતા મેળવવા, ભાગ્યશાળી બન્યા."

ત્યાર બાદ થોડી રાજકારણની વાતો થઈ. ઘડિયાળમાં સાડા આઠ થઈ ગયા છે.

આજે વરસાદ વધુ હોવાથી સત્સંગીઓમાં ઘરનો પરિવાર જ હતો.

પૂ. શ્રી એ હળવો નાસ્તો કર્યો. થોડીવાર ધ્યાનમાં બેઠા બાદ આરામ.



**તા. ૧૦–૭–૮૧, શુક્રવાર, અષાઢ સુદ નોમ, ૨૦૩૭.**

વરસાદી વાતાવરણે આજે વિદાય લીધી. પૂ. શ્રીનો આ ઓરડો પૂરતા પ્રકાશવાળો છે. તેમાં પૂ. શ્રીનો પલંગ, એક ટેબલ, એક ખુરશી, નીચે પાથરવાની એક નાનકડી શેત્રંજી પણ છે. પૂ. શ્રી સવારે ઊઠીને પેલી શેત્રંજી પર શીર્ષાસનથી વ્યાયામની શરૂઆત કરે છે. શરીર અસ્વસ્થ કે સ્વસ્થ હોય, વાતાવરણ ઠંડુ કે ગરમ હોય, મુસાફરી કરવાની કે ન કરવાની હોય, પણ પૂ. શ્રીનો વ્યાયામનો ક્રમ જેટલો નિયમિત તેટલો જ નિયમિત. મંત્રજપ કે ગીતાપાઠનો ક્રમ પણ એવો જ જળવાય છે.

સવારે નળમાંથી પાણી આવતું બંધ થયું હતું. નીચે ખબર આપવાની જરૂર ન જણાય. ૧ ડોલ પાણી હતું જેમાંથી ૦॥ ડોલમાંથી જ પૂ. શ્રીએ સ્નાન કરી લીધું. વળી ૧ પ્યાલાના પાણીથી મોં સાફ કરી લીધું. સર્વેશ્વરીએ પણ એ જ રીતે કરી લીધું.

જે હોય તેમાંથી ચલાવી લેવાનો ક્રમ જાણે પૂ. શ્રીનો સ્વાભાવિક હોય, એમ સાથે રહેનારને પણ એ જ રીતે તાલિમ આપતા હોય છે. એ તાલિમ સીધી ઉપદેશના રૂપમાં હોતી નથી. પૂ. શ્રીના પોતાના વર્તનથી જ એ ઉપદેશ મળતો હોય છે.

પૂ. શ્રી થોડા પાણીમાં બધું કાર્ય કરી લે છે. તો આપણે પણ એ રીતે કેમ ન કરી શકીએ? એ વિચારે સર્વેશ્વરી પૂ. શ્રીના એ વ્યવહારને સહર્ષ અપનાવી લે છે.

સમયસર દ્વાર ખોલવામાં આવ્યું. આજે ચણા, ભાત, ભાખરીનું ભોજન લીધું. આજે આકાશવાણીમાંથી આવેલા પત્રોનો જવાબ અતુલ મારફત મોકલવામાં આવ્યો. બપોરની આજની મુલાકાતમાં ખાસ વિશેષ વાતો ન થઈ. બપોરે થોડો આરામ કરી. પૂ. શ્રીએ લેખનકાર્ય છ વાગ્યા સુધી કર્યું.

આજે ૪-૪૫ કલાકે સર્વેશ્વરીને બાથરૂમમાં દિવ્ય પ્રકાશના તેજસ્વી કિરણોનાં દર્શન થયાં. તેની પૂ. શ્રીને વાત કરી. સર્વેશ્વરીએ દિવ્ય દેહરૂપ ધરીને પ્રકાશમાંથી પ્રગટે તો જ સારું. એ વાત કરી તો પૂ. શ્રીએ કહ્યું:–

"પ્રકાશ જ મૂળરૂપ છે. પછી શા માટે તમે દિવ્ય દેહ ને રૂપની અપેક્ષા રાખો છો? તમારી એ ભાવના ભગવાન પૂરી કરશે, પણ ખોટો અસંતોષ ન રાખો."

છ ને વીસ મીનીટે મુલાકાતીઓ માટે દ્વાર ખુલી ગયાં. વરસાદની વાત નીકળતાં પૂ. શ્રીએ દેવપ્રયાગની કુટિયામાં ૧૪ ઓગસ્ટ ને ૧૫ ઓગસ્ટના ભયંકર વરસાદમાં થયેલી રક્ષાની વાતો કરી. પૂ. શ્રીએ કહ્યું. "માતાજી ને હું આખી રાત બેસી રહ્યાં. બીજે દિવસે નીચેથી શ્રી મગનલાલ ભટ્ટના ઘરનાં જોવા આવ્યાં કે અમે જીવીએ છીએ કે નહિ, કેટલું ભયંકર તોફાન ને વરસાદ! મોટો પથ્થર ગબડતો ગબડતો કુટિયાની ઉપર જ અટકી ગયો.

કસોટી તો ભયંકર થાય, ભારે મનોબળ જોઈએ. આશ્રમમાં રહેવું સહેલી વાત છે. પણ ઘોર જંગલમાં એકલા રહેવું ખૂબ અઘરું છે."

ત્યાં વળી શ્રી કાર્તિકેય પ્રશ્ન પૂછે છે : આપે મૌન પાંચ વરસ સતત રાખ્યું?

**પૂ. શ્રી** : હા. પણ વચ્ચે વચ્ચે મૌન ન પણ હોય. પણ મોટે ભાગે પાંચ વરસ સુધી તે રહ્યું, ત્યારે વાંચન લેખન બધું જ બંધ. બધો જ સમય પ્રભુ માટે આપી શકુ તેથી.

ભઠ્ઠી સળગે એવો વૈરાગ્ય હોય તે એકાંતમાં જપતપ કરે, તે ફળે, પણ એ બધું અઘરું છે.



શ્રી બાબુભાઈના ઘરમાં પાણી ભરાયું તેની વાતો આવી એમાંથી ઋષિકેશમાં ગંગાકિનારે ઝાડ નીચે જ રહેતા એક સ્થાનમાં ૪૦ વરસ સુધી રહેલા મહાત્માના તપની પૂ. શ્રીએ વાત કરી.

વળી આજે દશનામી સાધુ, દંડી સાધુ, ઉદાસીન સંપ્રદાયની વાતો પૂ. શ્રીએ વિગતવાર કરી.

સ્વામી ગંગેશ્વરાનંદજીની વાતો પણ કરી. ગંગેશ્વરાનંદનો પ્રેમભાવ, ને પંડિતાઈની ખૂબ પ્રશંસા પૂ. શ્રીએ કરી.

ત્યાં વળી શ્રી મગનભાઈ પંચાલ નામના એક નવા જ ભાઈ પૂ. શ્રી પાસે આવે છે. જેઓ ધ્યાનકેન્દ્રના સંચાલનની સેવા કરવાનું વિચારે છે. તેમની શ્રી બાબુભાઈ વોરા ઓળખાણ કરાવે છે.

તે ભાઈ પૂ. શ્રીને પોતાના મૂંઝવતા પ્રશ્નો લખીને આપે છે. પૂ. શ્રી તે પ્રશ્ન વાંચતા નથી પણ પૂ. શ્રી તે પ્રશ્નોના સમાધાનપૂર્વક ઉત્તર આપતાં જણાવે છે કે:–

તપ ને સાધના કરવાનું આપણા જીવનમાં લખાયેલું જ છે, એમ માની તે સત્કર્મ કરવું ચાલું જ રાખવું. આપણે સારું કે ખરાબ કાર્ય કરીએ તેની અસર આપણા પર ને બીજા પર થાય જ છે. જે તપ કરીએ તે ઈશ્વરની ઇચ્છાનો જ એક ભાગ છે, એમ માનવું.

સાધના કરીએ છતાં પરિસ્થિતિ આપણને ડગાવી જાય, ત્યારે માનવું કે સાધના વધુ ને વધુ કરીએ. સાધના વધશે તેમ તેની અસર વધશે, એટલે બાહ્ય પરિસ્થિતિની અસર ઓછી થશે. સાધના દૃઢ બનતાં પ્રલોભનોમાં એડગ રહેવાશે. ભજન સાધન વધે પછી પ્રારબ્ધ પણ પલટાશે. કર્મના નિયમમાં વિશ્વાસ રાખી નાસીપાશ ન થવું. સાધના નકામી જતી જ નથી. સાધના કર્યા જ

કરવી. વળતર મળે જ છે. ૨૫, ૫૦ વરસ નોકરી કરો પછી જ પેન્શન, પ્રોવીડન્ડ વગેરે મળે. ચાર દહાડા જઇને કહો, લાવો ૧૦ હજાર, તો મળે ખરા? ના, તેમ સાધનામાં પણ પેન્શન, પ્રોવીડન્ડ પાકે પણ પાછળથી."

આ મારું પાક્યું ગણાય. હવે પ્રોવીડન્ડ, પેન્શન બધું જ શરૂ થયું છે. પ્રભુની પ્રામાણિક નોકરી કરી તો.

એટલે પ્રાર્થના ને પ્રયત્ન ચાલુ જ રાખવાં. સાધના ચાલુ જ રાખવી.

વળી મોંઘવારીની વાત શરૂ થઇ. એ અંગે પૂ. શ્રીએ પોતાનો અમેરીકાનો અનુભવ કહ્યો.

માતાજી વિધવા એટલે માથે વાળ ન રાખે. અમેરીકામાં વાળ સાફ કરાવ્યા તો હજામની ફી કેટલી?

હજામે કહ્યું ઓનલી ટ્વેન્ટી ડોલર (૨૦ ડોલર)

૨૦ ડોલર એટલે ભારતના રૂપિયા ગણી લેજો.

હજામને ઓનલી ટ્વેન્ટી લાગે ને અહીં તો ઓનલીમાં તો હાંડલી ખખડી જાય. (સૌ પૂ. શ્રીના એ શબ્દો સાંભળી હસે છે.)

વળી એ વિષય પૂરો થતાં, કેનેડાની ઠંડીની વાતો નીકળી છે. પૂ. શ્રીએ કેનેડાનો નાયગરાનો ધોધ જોવા ગયા ત્યારે પણ ગરમ કપડાં બૂટ કે મોજાંને બદલે ધોતીયું, બંડી ને ચંપલ જ પહેર્યા હતાં, તેની વાત કરી.

સમય થતાં સૌ વિદાય થયા.

પૂ. શ્રીએ હળવો નાસ્તો ને દૂધ લીધું. ૧૦ વાગ્યા સુધી પૂ. શ્રી ધ્યાનમાં બેઠા. બાદ આરામ કર્યો. હરિઃ ૐ. (ક્રમશઃ)



# અમૃતપળોનો આસ્વાદ-૩

ગોરધનભાઇ કલોલા (કલ્યાણ)

આર્યનિવાસના આશ્રયે જીવનના સુવર્ણ દિવસોની વણઝાર શરૂ થઇ છે. કેવા અનેરા અનોખા અનુપમ સત્સંગના દિવસો છે આ! રોજ પ્રભાત ઊગે છે અને પૂ. માના દર્શનની પ્રતીક્ષાથી અંતર પાવન પાવન થઇ જાય છે.

પૂ. માના દિવ્યદર્શનની પ્રતીક્ષા અંતરે જાગવી તે પુણ્યોના સંચયવિના શક્ય નથી. એ દર્શનની પ્રતીક્ષામાં કે એ દર્શનની દિવ્યતામાં પૂર્ણતાની પ્રાપ્તિની પ્રશાંતિ છે. એ માતૃદર્શન પછી કોઇ જીવન ધ્યેય શેષ રહેતું નથી. મનના બધા જ વિક્ષેપો દૂર કરીને, મન મૂકીને, મનમાં જેમણે એ દિવ્ય દર્શનને કોતરી લીધું છે તેમને મંઝીલ મળી ગઇ છે. પૂ. માના દર્શનની એક માત્ર દવાથી સંસારના ત્રિતાપ શમી જાય છે. આપણે એ દર્શનનો આધાર લઇ લઇએ.

દુખદર્દની એક દવા છે, લે આધાર ખરે;
પાગલ પ્રેમ કરી લે સાચો, સાગર સ્હેજ તરે.

ચાલો ત્યારે, આજના પ્રભાતે મંગલાના દર્શનથી સત્સંગનો શુભારંભ કરીએ. અત્યારે ૧૧ માર્ચ ૯૪ નું પ્રભાત પ્રકટ્યું છે. સૌ પૂ. માના દર્શનની પ્રતીક્ષા કરતા નામસ્મરણમાં મગ્ન છે. જુઓ પૂ. મા પધાર્યાં! બસ, જાણે એ દર્શનમાં દુનિયા સમાઇ ગઇ! એ દર્શનની યાત્રા કરી લઇએ.

પૂ. મા પોતાના ઓરડામાંથી પ્રસન્ન વદને પધાર્યાં છે. સીધાં જ ગેલેરીમાં જઇને ગંગાજીને દંડવત્ પ્રણામ કર્યા છે. બે હાથ

જોડી ગંગાજીને પ્રણામ કરે છે. પછી એક પ્રેમભરી મીઠી નજર ગંગાજીના વિશાળ પટ પર ફેરવીને પ્રભુને પ્રણામ કરીને પૂ. માએ આસન ગ્રહણ કર્યું છે. બેસતાની સાથે જ પૂ. માએ મોટે સાદે ગંગામૈયાનું પ્રેમગાન શરૂ કર્યું છે. વાતાવરણ પ્રેમગાનથી ઊભરાઇ ગયું, સૌ મોટા સાદે એ પ્રેમમસ્તીને ઝીલવા લાગ્યા છે.

ગંગામૈયા નમોનમઃ
યોગેશ્વર પ્રભુ નમોનમઃ
મા જ્યોતિર્મયી નમોનમઃ
મા ભાગીરથી નમોનમઃ

પૂ. મા એટલા તો મોટા સાદે વંદનાગાન કરી રહ્યાં છે કે મુખારવિંદની રેખાઓ ઉપસી આવી છે. જાણે એ રેખાઓ અંતરના ભાવને સમાવી શકતી નથી! પૂ. મા પ્રેમપૂર્વક અનેરી મસ્તીથી પ્રભુના ગુણગાન ગાતાં હોય ત્યારે એ મુખારવિંદની ભાવરેખાઓ નિહાળવા જેવી હોય છે. હૃદયના ભાવોની સચ્ચાઇ એ મુખારવિંદની રેખાઓમાં જાણે અંકિત થઇ જાય છે! જુઓ, એક બીજું ભાવ દૃશ્ય પણ જોવા જેવું છે. ભાલપ્રદેશના આજ્ઞાચક્રમાં પણ એ જોશપૂર્વકના પ્રેમગાનને લીધે ત્રિકોણાકાર તીલક રચાય છે. પૂ. માના દર્શનમાં આ ભાવદૃશ્યોમાં ખોવાયામાં આનંદ આવે છે.

પૂ. માના અંતરનો ભાવ જ જ્યારે ભાવચિહ્નોરૂપે પ્રકટ થાય છે પછી પૂ. માને ભાવ પ્રકટ કરવા માટે બાહ્ય માળા, ભસ્મ કે તીલકની ક્યાં જરૂર પડે છે? પૂ. મા આવા બાહ્ય ચિહ્નો ક્યારેય ધારણ કરતાં નથી. અંતર નામસ્મરણની માળા નિરંતર ફેરવ્યા જ કરે છે. તપના તેજસ્વી તીલકથીએ ભાલપ્રદેશ શોભી રહ્યો છે. વૈરાગ્યના રંગથી એ તનમન ચર્ચીત થયેલું જ છે.

સાચું ભાવગાન કેવું હોય, તેનું દર્શન આપણે અત્યારે કરી



રહ્યા છીએ. પૂ. માના જીવનની દરેક ગતિવિધિ આપણા માટે પ્રેરણાદાયક છે. નાની એવી ક્રિયા પાછળ પણ ભાવપ્રકટ થયા વગર રહેતો નથી. પૂ. મા આપણને પ્રસાદી આપતાં હોય, ઈશારો કરી બોલાવતાં હોય કે વાતચીત કરતાં હોય, પણ દરેક વાતમાં ભાવ તો ભરપૂર હોય જ! આપણી પણ દરેક ક્રિયાઓમાં જો પૂ. માની જેમ ભાવ પ્રકટી જાય તો એ ભક્તિનું સ્વરૂપ બની જાય!

આજે સત્સંગ હોલમાં એક નાનકડા સ્ટુલપર અસ્થિપાત્રોની થાળી છે. અસ્થિપાત્રો તરફ નજર કરતાં દિવંગત આત્માઓને અંજલિ આપતાં પૂ. મા કહે, "નાટકનાં પાત્રો વચ્ચે આમતો, કોઇ લોહીનો સંબંધ હોતો નથી, પરંતુ સ્ટેજપર જ્યારે નાટક ભજવાય છે ત્યારે એ અભિનયમાં એટલી તો આત્મીયતા લાગે છે કે જાણે તેઓ ખરેખર લોહીના સંબંધથી જોડાયેલાં ન હોય! સ્ટેજપર કોઇ પિતાનું, કોઇ માતાનું, કોઇ ભાઇબેનનું કે કોઇ પતિપત્નીનું પાત્ર ભજવે છે. તેમનો અભિનય જોતાં તો એમ લાગે કે આટલી મમતાથી જોડાયેલા પાત્રો કોઇ રીતે વિખૂટા પડી શકે નહીં. પરંતુ જ્યારે નાટક પૂરું થાય ત્યારે જાણે તેમની વચ્ચે કોઇ સંબંધ ન હોય તેમ સહજ છૂટા પડી જાય છે. આપણે ઘડીભર માની ન શકીએ કે પુત્ર માટે સ્ટેજપર આસું સારતી માના સ્ટેજ પાછળ તે તેના સ્ટેજપરના પુત્ર સાથે જાણે સ્નાનસુતકનો સંબંધ ન હોય તેમ વર્તે છે."

પૂ. મા કહે, "આપણે પણ આ જીવનમંચપર નાટક ભજવવા આવ્યાં છીએ. આપણા સંસારના નાટકમાં જે પાત્રનો અભિનય આપણને મળ્યો હોય તે આપણે ખરા દિલથી ભજવવાનો છે. સામાન્ય રીતે આપણે આપણા કુટુંબીજનો સાથે આ જીવનમંચપર આ અભિનય ભજવીએ છીએ. આ અભિનય કરતાં કરતાં જ્યારે

સમય પૂરો થાય ત્યારે આ જીવનનું સ્ટેજ છોડીને ચાલ્યા જવું પડે છે. ક્યારેક તો ભરયુવાનીમાં પણ આ અભિનય કરતાં કરતાં છૂટા પડવું પડે છે, ત્યારે પેલાં નાટકનાં પાત્રોને યાદ કરવાનાં છે. નાટકનાં પાત્રોની જેમ જ આ જીવન રંગમંચપરથી આપણો અભિનય પૂરો થતાં સાવ સાહજિકતાથી છૂટા પડી જવાનું છે. જીવનમંચપર હતા ત્યારે જીવ રેડીને જે તે પાત્રનો અભિનય કરતાં હતાં! એ જીવનપાત્રનો અભિનય પૂરો થતાં આ જીવનના સ્ટેજપરથી પણ શાંતિથી આવજો કહીને વિદાય લઇ લેવાની છે અને આપણી સાથેના પાત્રોને પણ જવાનો સમય આવે ત્યારે એટલી જ શાંતિથી વિદાય આપી દેવાની છે."

પૂ. મા કહે, "જીવનમાં આ જીવન અને મૃત્યુનું ચક્ર યુગોથી ચાલ્યાં કરે છે પણ મમતા અને આસક્તિને લીધે તેમાંથી છૂટી શકતા નથી. કુટુંબીજનો સાથે એવા તો આસક્તિભર્યો સંબંધ બાંધી બેસીએ છીએ કે તેઓ મૃત્યુ પામે તોપણ તેના પ્રત્યેની મમતા મરતી નથી. પરિણામે મૃત્યુ પછી પણ મમતાનું બંધન દુઃખનું કારણ બને છે."

પૂ. મા શ્રી સરસ્વતીબેન, શ્રી મધુભાઇ, શ્રી વિનુભાઇ જોષી વગેરે બીજા દિવંગત આત્માઓના અસ્થિ વિસર્જનના પ્રસંગે બોલી રહ્યાં છે. પૂ. મા કહે, "આજે અસ્થિ વિસર્જનના પ્રસંગ સાથે આપણે હવે તેમની સાથેના સંબંધો પર પૂર્ણવિરામ મૂકી દેવાનું છે, અને આપણે પ્રભુએ સોંપેલા જીવનકાર્યમાં ગૂંથાઇ જવાનું છે. દિવંગત આત્માઓ પોતપોતાના કર્મસંસ્કારો લઇને પોતાનો પ્રવાસ આગળ ચલાવશે, આપણે આપણાં જીવન પ્રવાસ-માં આગળ ચાલવાનું છે. તેઓને માયાના બંધને બાંધીને પાછા ખેંચવાના નથી. આપણે તો જીવન પરબે પાણી પીવા એકઠા થયેલા પ્રવાસીઓ છીએ, વિસામો લઇને, પાણી પીને આપણી



જીવન મંઝીલ તરફ આગળ ચાલવાનું છે, કારણ કે આપણી મંઝીલ તો પરમાત્મા છે, તેની સાથે જ આપણો સનાતન સંબંધ છે, એટલે આ જીવનપ્રવાસમાં કોઇ જીવનો નહીં, પણ શિવનો સાથ પકડવાનો છે. જીવન અભિનય કરતાં આપણા સનાતન સાથી પ્રભુનો અદૃશ્ય હાથ પકડી રાખવાનો છે."

પૂ. મા કહે, "આપણને સૌને આપણો જીવ વહાલો છે. કોઇની પાછળ આપણે આપણો જીવ કાઢી દેતા નથી, તો પછી આટલી આસક્તિ શા માટે? આજે દિવંગત આત્માઓના અસ્થિ વિસર્જન કરી ગંગામૈયાને સૌંપી દેવાનાં છે. ગંગામૈયા સૌનું કલ્યાણ કરશે, તેમનાં કલ્યાણની ચિંતા ગંગામૈયાને સોંપી આપણે નિશ્ચિંત થઇ જવાનું છે."

પૂ. મા કહે, "આપણા ગુજરાતી કવિ શ્રી બાલાશંકર કંથા-રીયાએ જીવન મર્મની વાત બહુ જ સરળ શબ્દોમાં સમજાવી છે. પૂ. શ્રી આ સુંદર પદ દરરોજ ગાતા અને અમે પણ યાદ કરીએ છીએ." પૂ. મા આ પદ અત્યારે ગાઇને સમજાવી રહ્યાં છેઃ—

ગુજારે જે શિરે તારે, જગતનો નાથ તે સ્હેજે,
ગણ્યું જે પ્યારું પ્યારાએ, અતિ પ્યારું ગણી લેજે.

જગતના કાચના યંત્રે, ખરી વસ્તુ નહીં ભાસે,
ન સારા કે નઠારાની, જરાયે સંગતે રહેજે.

રહેજે શાંતિ સંતોષે, સદાયે નિર્મળે ચિત્તે,
દિલે જે દુઃખ કે આનંદ, કોઇને નહીં ક્હેજે.

રહે ઉન્મત્ત સ્વાનંદે, ખરું એ સુખ માનીલે,
પિયે તો શ્રીપ્રભુના પ્રેમનો, પ્યાલો ભરી પીજે.

અહો શું પ્રેમમાં રાચે, નહીં ત્યાં સત્ય પામે તું,
અરે તું બેવફાઇથી, ચડે નિંદા તણા નેજે.

રહે નિર્મોહી શાંતિથી, રહે એ સુખ મોટું છે,
જગત બાજીગરીના તું, બધાં છલબલ જવા દેજે.

કવિ રાજા થયો શી છે, પછી પીડા તને કાંઇ!
નિજાનંદે હમેશાં બાલ, મસ્તીમાં મજા લેજે.

પૂ. મા જોશભરી વાણીમાં જગતના એક સનાતન સત્યને સમજાવી રહ્યાં છે. પૂ. મા કહે, "આ કવિની દૃષ્ટિથી આપણે સંસારને પ્રમાણવાનો છે. સંસાર સાગરને તરવાનો છે, એમાં ડૂબવાનું નથી. આનંદ સંસારના સંબંધો કે વ્યવહારોમાં શોધવાો નથી, પણ નિર્મોહી રહી નિજાનંદની મસ્તી માણવાની છે. અંદર જે પ્રભુ બેઠા છે તેને પામવામાં જ જીવનનો સાર સમાયેલો છે."

પૂ. મા કહે, "પૂ. મોટાના આશ્રમમાં એક સુંદર બોર્ડ મારેલું છે તે મને ખૂબ ગમે છે."

પૂ. મા કહે, "દુનિયાદારીના સંબંધોને આ બોર્ડમાં સુંદર રીતે નિર્દેશવામાં આવ્યા છે. આપણા જીવનમાં ઋણાનુબંધે જે કોઇ આવ્યા છે તેને પ્રેમથી આવકારો, તેનો તિરસ્કાર શા માટે? એ અનિવાર્ય છે માટે પ્રેમથી, ઉત્સાહથી સ્વીકારી લો, કારણ કે તે પરાપૂર્વથી આપણે જ બાંધેલું મોહનું બંધન છે. પરંતુ એ ઋણાનુબંધ પૂરા થતાં જ્યારે વિખૂટા પડવાનું આવે ત્યારે આવકારના ઉત્સાહ કરતા વિદાયના આનંદને હજારગણો ગણી વધાવી લો. કારણ કે હવે એક અગત્યની જવાબદારીમાંથી મુક્ત થઇએ છીએ. સંસારના સંબંધો જે આપણી ઇચ્છા છતાં ખરી પડવાના છે તો પછી જેઓ જાય છે તેને હસતે મુખે શા માટે અલવિદા ન



કરવી? બંધન કરતાં મુક્તિનો આનંદ વિશેષ હોવાથી સ્વાગત કરતાં વિદાયને નિર્મોહી બની સાનંદથી વધાવી લેવી જોઇએ, અને કોઇ આપણા જીવનમાં આવેજ નહીં તો તો સૌથી શ્રેષ્ઠ! આપણા જીવનમાં ન આવીને આપણને બંધનમાં બાંધતા ન હોવાથી તેવા આત્માઓને લાખો સલામ દૂરથી જ કર્યા છે. બસ, સ્વતંત્રજીવન, બીજી કોઇ જવાબદારી નહીં, કોઇનું આવાગમન નહીં, સ્વાગત વિદાયના હર્ષશોક નહીં, પ્રભુ એક જ સનાતન જીવનસાથી! બધું એને સોંપીને નિશ્ચિત બની જવાનું પરમ પ્રેમ અને નિજાનંદની મસ્તીમાં મહાલવાનું!" આશ્રમના બોર્ડનું રહસ્ય પૂ. માએ સરસ રીતે સમજાવ્યું. એની પંક્તિઓ આ પ્રમાણે છે :

આવે તેને સો સલામ,
જાય તેને હજાર સલામ,
અને ન આવે તેને લાખો સલામ. (ક્રમશઃ)

શ્રી યોગેશ્વર કૃપા
**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ
તેમજ
દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત-૩૯૫ ૦૦૭
ફોન : ૨૨૮૨૩૧

# શ્રી રામકૃષ્ણદેવના સાન્નિધ્યમાં

યશસ્વીભાઇ ય. મહેતા

મા ભગવતીની માયા અકળ અને અવર્ણનીય છે. તે એક જ જાણે છે કે સૃષ્ટિ (સર્જન) સ્થિતિ (પાલન-પોષણ) અને સંહારની લીલાનું સંતુલન શી રીતે સાચવવું. એટલે એની સંહારલીલા આપણી ટૂંકી સમજશક્તિમાં ઉતરી શકતી નથી. આપણે તેની કૃપા માત્ર સર્જન-પાલન પોષણ સુધી જ સીમિત સમજીએ છીએ. તેના સીમાડા સંહાર જેવી ક્રૂર લીલા સુધી લંબાય છે તે માનવા ઘણા તૈયાર થતાં નથી. મા તો સદા દયાળુ, કૃપાળુ જ હોય એવી ધારણા સર્વવ્યાપક છે, પરંતુ આ આંશિક રીતે જ સત્ય હકીકત છે, પૂર્ણાંશે નહીં. પૃથ્વી ઉપર એક પણ દિવસની રજા પાળ્યા સિવાય આ ત્રણેય લીલા અવિરત ચલાવ્યા જ કરે છે.

આ લીલા જોઇને દેવો આશ્ચર્યચકિત થઇને પૂછે છે : દેવીમા, **त्वम् काऽसि** તું કોણ છે? મા કહે છે—**अहम् ब्रह्मस्वरूपिणी । मत्तः प्रकृति पुरुषात्मकम् जगत् ।** આનું વિશદ વર્ણન આપતો દુર્ગાસપ્તશતીમાં દેવી અથર્વશીર્ષાનો આ પાઠ રોજ પઠનીય છે. દેવી આ પૃથ્વી ઉપર તેનું કાર્ય કરાવી લેવા કોઇ વિશિષ્ટ લીલા પણ કરે છે. રાણી રાસમણિ કલકત્તાની એક શ્રીમંત ને ધર્મપ્રેમી મહિલાને પોતાની અચિંત્ય ભાવિલીલામાં ભાગીદાર તરીકે સમાવિષ્ટ કરી. પ્રથમ તેના મનમાં વારાણસીની યાત્રા માટેની ઇચ્છારૂપે મા પ્રકટ થયાં. તે સમયમાં રેલગાડીની દેશમાં શરૂઆત હતી. એટલે રૂપિયા બાર લાખ લઇને પોતાની જ માલિકીના



વહાણમાં પોતાનો કાફલો લઇ તે ગંગા માર્ગે નીકળી પડયાં. અત્યારે જ્યાં દક્ષિણેશ્વરનું મા કાલીનું મંદિર છે ત્યાં કિનારે વહાણ નાંગર્યું. રાત્રે સ્વપ્નમાં આવીને મા કાલીએ આ સ્થળે પોતાનું મંદિર નિર્માણ કરવા આદેશ આપ્યો ને યાત્રા માટેની રકમ મંદિરમાં વાપરવા જણાવ્યું. આ જમીન કોઇ અંગ્રેજની હતી. તેની સાથે વાટાઘાટ કરીને આ જમીન ખરીદી લેવામાં આવી. ને તે વખતના રૂા. બાર લાખ(આજના રૂા. પાંચેક કરોડથી પણ વધુ)થી મહાકાલી, રાધાકાન્ત, બાર શિવલિંગોનું નિર્માણ થયું.

આ મંદિર જ ભાવિના રામકૃષ્ણદેવની લીલાભૂમિ બનવાની હતી તેની કોઇને તે વખતે ખબર ન હતી. તેઓએ આ મંદિરના એક ખંડમાં તેત્રીશ-ચોત્રીશ વર્ષ નિવાસ કરી આ ધરતીને ધન્ય કરી હતી.

ઠાકુર કહે છે : જે ઈશ્વરને માટે આકુળવ્યાકુળ છે, પ્રાર્થના કરતી વખતે આંખમાંથી આંસુની ધાર ચાલી જાય તેવા ભક્તને ભગવાન દર્શન આપે છે. તેજચંદ્ર મિત્ર નામના એક આવા ભક્તની વાત શ્રી મા શારદા કહેતાં. તેને કોઇએ રૂા. બસ્સો સાચવવા આપેલા તે પડી ગયા કે કોઇ ખીસાકાતરુ ઉપાડી ગયો. તેજચંદ્ર ઠાકુરનો ભક્ત હતો ને તેને ઘેર અવારનવાર પોતાના પગલાથી ઠાકુરે તેના ઘરને પાવનકારી કર્યું હતું. તેનો શુદ્ધ પ્રેમ ઠાકુરના હૃદયને સ્પર્શી ગયો હતો. તેજચંદ્રની આર્થિક સ્થિતિ આ રકમ ભરી શકે તેવી ન હતી. ગંગાનદીને કાંઠે જઇને આંખમાં આંસુ સાથે રામકૃષ્ણદેવને કહેવા લાગ્યો. ઓ દેવ ! તમે મારી કેવી કસોટી કરી રહ્યા છો? હવે હું શું કરીશ? થોડીવાર પછી ઠાકુર ગંગાનદીમાં જ પ્રકટ થયા ને પૂછવા લાગ્યા, 'બેટા કેમ રડે છે?' જો પેલી ઇંટ પડી છે તેની નીચે ત્રણસો રૂપિયા છે. સાચે જ આ

રકમ ત્યાંથી તેને મળી આવી. સ્વામી શારદાનંદજીને તેજચંદ્રએ આ વાત કહી ત્યારે સ્વામીએ કહ્યું, બેટા તું સાચે જ ભાગ્યવાન છે! ઠાકુરે તને દર્શન આપ્યાં. અમે હજુ તેનાથી વિહીન છીએ.

મા કહેતાં, ઠાકુર બ્રહ્મલીન થયા પછી હું ય આ શરીરમાં રહેવા માગતી ન હતી. ત્યારે ઠાકુર પ્રકટ થઇ બોલ્યા, 'ના. તમારે હજુ ઘણું કામ કરવાનું છે. તમે શરીર છોડશો મા. જુઓ તો ખરાં! દુનિયાના લોકો નરકના કીડાનું જીવન જીવી રહ્યાં છે. તમારે તેમને ખાતર શરીર ટકાવવાનું છે! આ વાતની પ્રતીતિ મને લાંબે સમયે થઇ હતી. એક દિવસ ઠાકુર આવીને ઊભા રહ્યા ને મને તેમને માટે ખીચડી રાંધીને ધરવા જણાવ્યું. મેં તત્કાલ તે તૈયાર કરી મંદિરમાં રઘુવીરદ્વારા ઠાકુરને નિવેદીત કરી. મેં જોયું કે ઠાકુરે સ્વયં રઘુવીરરૂપે તે સ્વીકારી હતી.

શ્રી શ્રી મા વૃંદાવન યાત્રાએ ટ્રેનમાં જઇ રહ્યાં હતાં. ઠાકુર પોતે જે માદળીયું પહેરતા હતા તે તેમણે મહાસમાધિ પહેલાં માને આપી તે હાથ ઉપર પહેરવા કહેલું. હું રોજ તેની પૂજા કરતી. મારો હાથ ટ્રેનની બારી પર હતો ત્યારે ઠાકુર એકાએક તે બારીમાં ડોકાયને બોલ્યા, 'સાવધાન રહો, માદળીયું પડી ન જાય તેનું ધ્યાન રાખજો. આ માદળીયું મેં બેલુરમઠને તે પછી આપી દીધેલું ને આજે તેની ત્યાં પૂજા થાય છે.'

ઠાકુર દક્ષિણેશ્વરની અર્ધગોળાકાર ઓસરી ઉપર ઊભેલા અમેય ત્યાં હતાં. એકાએક તેઓ બોલ્યા. એકસો વર્ષ પછી હું પાછો આવવાનો છું. તમે શું કરશો? તેમણે ઉત્તર પશ્ચિમની દિશાઓ તરફ આંગળી ચીંધી હતી. મેં કહ્યું, હવે પછી હું અહીં આવવા માગતી નથી. લક્ષ્મી દીદીએ પણ કહ્યું : હું પણ. ત્યારે



ઠાકુર હસીને બોલ્યા. તમે ક્યાં જશો? સરોવરમાં એક વેલ થાય છે તે આખા સરોવરમાં પથરાયેલી રહે છે. એક છેડેથી તેને ખેંચીએ એટલે તે આખેઆખી ખેંચાય આવે છે. તમે તો મારી સાથે સદાકાળ જોડાયેલાં ને તમારે જુદું આવવાનું નથી.

મા કહેતાં કે ઠાકુરે કદીય ઊંચે અવાજે કે તુંકારે મને બોલાવી નથી. મૂંઝારો થાય એવા આદર ને પૂજ્યભાવે તેઓ મારી સાથે નીચા અવાજે વાત કરતા. એક વાર તેઓ મારા નિવાસ નોબતખાના પાસે આવીને ઊભા રહ્યા ને બોલ્યા : તમે છોકરાઓ માગે તેટલી રોટલી ન આપતાં. પહેલી રાતે સૂઇ ગયા પછી ધ્યાન માટે તેઓ વહેલા જાગી શકતા નથી. મેં કહ્યું, 'તે શી રીતે બને? હું તેમની મા છું. દીકરો ભૂખ્યો હોય ને રોટલી માગે ત્યારે મા ના પાડી શકે? ઠાકુર બોલ્યા : તો પછી તે બદલ તેમને માટેની જવાબદારી (આધ્યાત્મિક) તમારી રહેશે, મેં હળવેથી કહ્યું : ભલે, આજથી તેમની જવાબદારી મારી છે. પરંતુ તેઓ ગમે તેટલી રોટલી માગે પણ મારાથી ના તો નહીં જ પડાય!

એક દિવસ ભરબપોરે ઠાકુરને કલકત્તા કોઇ ભક્તને મળવા જવાની ઇચ્છા થઇ આવી. તૈયાર થઇ તેઓ નોબતખાના આગળથી નીકળ્યા. મેં અંદરથી હળવે સાદે તેઓ સાંભળે તેમ પૂછ્યું, 'અત્યારે સવારી ક્યાં જઇ રહી છે? તેમણે કહ્યું : કલકત્તા એક ભક્તને મળવા. મેં કહ્યું : શું આ કઢંગા સમયે કોઇને મળવા જવાય ખરું? તેઓ બોલ્યા : તમારી વાત સાચી. કોણ જાણે મને તે ખ્યાલ જ ન આવ્યો. તેમ કહી તેઓ પોતાના ઓરડામાં જઇ નાની પાટ ઉપર બેસી ગયા.

(ક્રમશઃ)

# ખૂલ્યો ખજાનો પરમાત્માનો–૨

ડૉ. બી. જે. જાગાણી

## ૧. પૃથ્વી પરના માણસોને ઉપયોગી પ્રવૃત્તિઓ

પ્રથમ પ્રકારના સ્વર્ગમાં વિદેહી આત્માઓ વાસ કરે છે. તેઓમાં પૃથ્વી પર શું બનવાનું છે તે અગાઉથી જાણવાની શક્તિ રહેલી હોય છે. ઉપરાંત, ભૂલોકમાં પ્રસંગો કે કાર્યો જેવાં બને તેવાં જ નોંધાઈ જાય તેવા સ્થાનો પ્રથમ પ્રકારના સ્વર્ગમાં છે. એટલે કે પૃથ્વીનું સતત નિરીક્ષણ કરીને તેની માહિતીનો સંગ્રહ આપો-આપ થાય છે.

૧. ૧. ભવિષ્યમાં બનનારી ઘટનાઓ વિષે પણ બીજાં સ્થાનો-માંથી આ સ્વર્ગના લોકો ખાસ દેવદૂતો અને મિત્રો મારફત જાણી શકે છે. આ મિત્રો આ સ્થળોએ કામમાં રોકાયેલા હોય છે અને પૂછવાથી ભવિષ્યની માહિતી ચિત્રસ્વરૂપે દર્શાવી દે છે.

૧. ૨. આ બાબતને સાબિત કરનારું ઉદાહરણ આપતાં શ્રી રાલ્ફ હેર્લો નોંધે છે કે 'મારા જૂના સહાધ્યાયીની પત્ની શ્રીમતી જોયએ જણાવ્યું કે ઘણાં વર્ષો પહેલાં મૃત્યુ પામેલી તેની માતા પ્રેતસ્વરૂપે તેની સમક્ષ પ્રગટ થઈ અને સતત હસતાં હસતાં તેણીએ તદ્દન સ્પષ્ટ રીતે કહ્યું કે, "તારા પિતા થોડા દિવસોમાં અહીં આવવાના છે." પછી તે અદૃશ્ય થઇ ગઇ. આવી સૂચનાથી શ્રમતી જોયને ચિંતા થઈ. પોતાના ગામથી ૫૦ માઇલ દૂર પોતાની બેન સાથે રહેતા પિતાને તે જોવા ગઇ. શ્રીમતી જોયને તેના પિતા તદ્દન તંદુરસ્ત જણાયા. આમ છતાં બંને બહેનોએ તેના



પિતાની દાક્તરી તપાસ કરાવી લીધી. દાક્તરી તપાસમાં કોઇ બિમારીનાં ચિહ્નો જણાયાં નહીં. બીજા દિવસે શ્રીમતી જોય પોતાના નિવાસસ્થાને પાછી ફરી. છતાં પણ તેનું મન પોતાની માતાએ આપેલા સંદેશાથી ચિંતીત હતું. ઘેર પહોંચીને દરવાજો ઊઘાડતાં જ તેણે ટેલિફોનની ઘંટડી રણકતી સાંભળી. ફોનમાં સાંભળ્યું કે પિતાજીનું મૃત્યુ હાર્ટફેઇલ થવાને કારણે થયું છે.

૧. ૩. પૃથ્વી પરની વ્યક્તિ ખૂબ કોમળ લાગણીથી પોતાના મૃત્યુ પામેલ સ્વજનને યાદ કરે છે, ત્યારે એક પ્રકારના સૂક્ષ્મ આંદોલનો ઉત્પન્ન થાય છે અને જે તે મૃતાત્માને પહોંચે છે. બીજા પક્ષે, મૃતાત્મા પણ બદલામાં પોતાની લાગણીના આવા તરંગો મોકલાવે છે. અને તે સંબંધિત વ્યક્તિને અસર પહોંચાડે છે. પરંતુ તેના વિશે જાગૃત બનતા નથી.

૧. ૪. આવા અતીન્દ્રીય સંદેશાઓ પહોંચાડવામાં ઉતરતી કક્ષાના આત્માઓની સેવા લેવામાં આવે છે. આ આત્માઓને પૃથ્વીની નજીક રહેવાનું ગમે છે. તેઓ વળી આખો વખત–પરંતુ ખાસ કરીને દિવસ દરમ્યાનના પૃથ્વી પરના પ્રકાશને સહન કરવાને શક્તિમાન હોય છે. આ બંને પક્ષોની મધ્યસ્થી કરતા આત્માઓની ખાસ નિમણૂંક કરવામાં આવે છે. તેઓનું કામ આ સંદેશાઓની આપ લે કરવાનું છે.

૧. ૫. મૃતાત્માઓ પૃથ્વી પરના પોતાના સ્વજનોને લાભ-દાયક તરંગો મોકલતા હોય છે. લાભદાયક તરંગો આપણને પહોંચતા પણ હોય છે અને તેના પરિણામે આપણા માટે લાભ-દાયક અસરો પેદા પણ થતી હોય છે. પરંતુ આપણે તે સભાનતા-પૂર્વક અનુભવી શકતા નથી. દરેક આત્માનું આ સ્વૈચ્છિક કાર્ય છે.

એકાંત વિતાવવા માટે જે ઓરડો હોય છે તેમાં બેસીને આવા તરંગો મોકલવામાં આવે છે.

૨. શ્રી દુર્ગાએ એ પણ નોંધ્યું છે કે, 'પહેલા સ્વર્ગમાં નાચ–ગાનની કલબો છે જ્યાં સ્ત્રી અને પુરુષ આત્માઓ સાથે મળીને રમે છે, નાચે છે, વાતચીત કરે છે, વિનોદ કરે છે અને સ્મિત કરી હસે પણ છે. દંતકથામાં જણાવ્યા પ્રમાણે પરીઓની જેમ સ્ત્રી અને પુરુષ આત્માઓ સાથે મળીને નાચગાન કરે છે, પરંતુ આ આત્માઓ પરસ્પર સ્પર્શી શકતા નથી.

### બીજું સ્વર્ગ

**૧. સ્થિતિ–સ્થાન :** પૃથ્વીથી હજારો માઇલ દૂર આવેલું બીજું સ્વર્ગ ઘણો વિશાળ વિસ્તાર ધરાવે છે. તેની આસપાસ ત્રીજું સ્વર્ગ અને એ રીતે સ્વર્ગ પછી સ્વર્ગો આવેલાં છે.

**૨. સામૂહિક જીવન :** પ્રથમ પ્રકારના સ્વર્ગમાં મૃતાત્માઓ પોતાને ફાળવેલા ઘરમાં રહેતા પણ અહીંયા મૃતાત્માઓ સાર્વજનિક સામાન્ય હોલમાં વસે છે. પ્રથમ પ્રકારના સ્વર્ગમાં મૃતાત્માઓ પોતાના રાગદ્વેષ ભૂલીને કુટુંબભાવનાને પોષણ મળે તે રીતે રહેતા થાય છે જે સંસ્કાર બીજા પ્રકારના સ્વર્ગમાં ઉપયોગી થવા માટે મનોશક્તિવડે, અપાર્થિવ તત્ત્વોની બનેલ હોલની દિવાલો અને સ્તંભોમાં સંગ્રાહી જાય છે. આવા પ્રકારનું ગમે તેટલું જ્ઞાન સંગ્રહવાની શક્તિ આ દિવાલો ધરાવતી હોય છે. અને જ્યારે પણ જરૂર જણાય ત્યારે ચિત્રસ્વરૂપે તેને પ્રતિબિંબિત કરી શકે છે.

બીજા સ્વર્ગ કે તે ઉપરના સ્વર્ગોના આત્માઓને ત્યાં જવાની અને તેઓને જે વિગતો જાણવી હોય તે મેળવવાની છૂટ હોય છે. સૂક્ષ્મ જગતમાં એક સ્થળથી બીજા ગમે તેટલા દૂરના



સ્થળે ક્ષણવારમાં જઇ શકાય છે. જો કે હું તમને એ સમજાવી શકતી નથી. (દુર્ગાદેવી કહે છે) કે કઇ પદ્ધતિવડે પૃથ્વી પરના ભૂતકાળમાં બનેલ પ્રસંગો ફરી પાછા રજૂ કરાય છે. હું એટલું કહી શકું જે આત્માઓ આ જ્ઞાન મેળવવા ત્યાં જાય છે તેમને તે ચિત્રાત્મક વિચારના સ્વરૂપમાં પ્રાપ્ત થાય છે.

(ક્રમશઃ)

આજના ઝડપી યુગમાં, જે સમયનો સદુપયોગ કરીને, આત્મિક કલ્યાણ માટે જાગ્રત બની પ્રયત્નશીલ બની જાય છે તે વહેલો કે મોડો, સફળતાને પામે જ છે એમાં શંકાને સ્થાન નથી. યોગેશ્વર

ઓ. : ૨૨૩૫૯૮ ફે. : ૩૬૨૪૩૭
૨૩૪૦૧૬ ઘ. : ૪૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

**કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ**

ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# ધર્મ

લાભુભાઈ દવે

આપણા હિંદુ સમાજમાં તથા આખા વિશ્વમાં દરેક વ્યક્તિ પોતાના ધર્મમાં માને છે. કેટલાક માણસો ધર્મનો અર્થ પોતાનું કર્તવ્ય એવો કરે છે, કેટલાક ઉપવાસ, એકટાણા, પૂજાપાઠને પોતાનો ધર્મ માને છે.

પરંતુ ખરી રીતે જોતાં એક જ ધર્મ છે. માનવધર્મ. બીજાનું જરાપણ કર્મ, વચન અને મનથી નુકશાન ન થાય તે જ ધર્મ. હવે તેનાથી આગળ વધી આપણે તેને બે વિભાગમાં વહેંચી નાંખીએ.

૧. શરીરનો ધર્મ. (૨) આત્માનો ધર્મ.

કારણશરીર અને આત્મા સંયુક્ત હોવા છતાં બંને ભિન્ન છે. શરીર ક્ષીણ થતાં તેનો આત્મા ત્યાગ કરે છે. તેથી શરીર અને આત્માના ધર્મ અલગ અલગ રીતે જોઈએ.

શરીરનો મુખ્ય ધર્મ છે. ૧. ગર્ભમાં બીજમાંથી આકાર ધારણ કરવો. ૨. જગતમાં આવ્યા બાદ તેમાં વૃદ્ધિ થતાં રહેવી. ૩. અમુક સમય બાદ એ વૃદ્ધિ અટકી જવી. ૪. ત્યાર બાદ શરીર ક્ષીણ થવા માંડે છે. ૫ અંતે આત્માના ત્યાગ બાદ પંચભૂતોમાં ભળી જવું. આ પ્રમાણે શરીરના ધર્મ છે. તેથી જે શરીરનો જન્મ થાય છે તે શરીરનો પંચભૂતોમાં આકાશ, જલ, વાયુ, તેજ, માટી, વગેરેમાં વિલીન થવાનો ધર્મ છે.



શરીરમાં વસતા આત્માનો ધર્મ અલગ છે. તે તટસ્થ છે. તટસ્થતા એ આત્માનો ધર્મ છે, આત્મા દરેક કર્મ તટસ્થ રહી કરે છે. આત્મા કાયમી છે. તે જન્મતો નથી. આત્મા મરતો નથી. તટસ્થતા, કાયમતા, જન્મમરણથી પર. કશામાં ન લેપાવું, અને સદા આનંદમાં રહેવું તે આત્માનો ધર્મ છે.

તેથી દરેક વ્યક્તિએ ઉપર પ્રમાણે પોતાના બે ભાગ પાડી પોતાનો ધર્મ સમજી લેવો.

જેમ કે ભૂખ લાગી. તો ભૂખ કોને લાગી? ભૂખ શરીરને લાગી. આત્માને તો ભૂખ લાગતી જ નથી. તો ભૂખ સંતોષવા જમ્યુ કોણ? જમ્યું શરીર. કારણ આત્માને ભૂખ લાગતી જ નથી. તો આત્મા જમે જ શું? કંઈ જ નહીં. તેથી યાદ રાખવાનું કે જમ્યું શરીર. આત્મા નહીં.

બિમાર પડયા, તો બિમાર શરીર પડયું. આત્મા બિમાર પડતો નથી. જન્મ્યું શરીર. શરીર સાથે આત્મા આવ્યો, આત્મા જન્મતો નથી. વૃદ્ધિ શરીરની થવા માંડી. આત્માની વૃદ્ધિ થતી નથી. શરીરે સ્થિરતા પકડી. આત્મા તો અવિચળ સ્થિર છે જ. શરીર ઉંમર સાથે વૃદ્ધાવસ્થા તરફ ઢળવા માંડયું આત્મા તો હતો તેવો ને તેવો જ રહ્યો. આત્મા વૃદ્ધ થતો નથી. શરીર ઢળી પડયું. આત્મા અને શરીર અલગ થઈ ગયાં. શરીર પંચભૂતોમાં ભળી જાય. અને આત્મા જે તટસ્થ છે તે ઈશ્વરનો અંશ હોવાથી તેના ધર્મ પ્રમાણે સીધો ઈશ્વરમાં ભળી જાય. અને આપણે માનવમાંથી ઈશ્વર બની જઈએ. પરંતુ ખાટલે મોટી ખોડ છે. આપણી ખોડ તે આપણો અહંકાર. આપણે શરીર અને આત્માને અલગ પાડયા વગર શરીરને જ સર્વસ્વ માની અહંકારપૂર્વક આ બધું મેં કર્યાનું

અભિમાન સેવ્યું. ભયંકર ભૂલ થઇ ગઇ. અભિમાનના સંસ્કાર આપણી સાથે રહી ગયા, પડ ઉપર પડ ચડી ગયાં, જે આત્મા સીધો પરમેશ્વરમાં ભળી જવાનો ધર્મ બજાવવા માગતો હતો તેને આપણે અનેક પડોના ભાર તળે દબાવી રાખ્યો, આ પડો હટાવવા વળી પ્રયત્ન કરવા પડે. નવો જન્મ. નવું કર્મ. વળી અભિમાન! આના કરતાં જો શરીર અને આત્માને પોતપોતાનો ધર્મ બજાવવા દઇએ તો તો બેડો પાર. આપણે પરમેશ્વર બની જઇએ.

O


જીવનમાં કેટલીક વ્યક્તિઓનો મેળાપ જીવનની યાદગાર ઘટનારૂપ હોય છે અને તેને સદાની સ્મૃતિમાં ફેરવી નાંખવાનું કામ તસ્વીર કરે છે.

દીપક સી. મહેતા

કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડીઓ

૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પલેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, સુરત–૧




# અકસ્માતે આંગળી ચીંધી

(ડાયરીમાં ડોકીયું) મા સર્વેશ્વરી

**૧. તા. ૨૮/૯/૯૮ સોમવાર, હોસ્પીટલનો આઠમો દિવસ :** પ્રભાતે શ્રી નરસિંહ મહેતાના પ્રભાતિયાનું શ્રવણ કરતાં કરતાં પ્રાતઃક્રિયા પૂર્ણ થાય છે. ત્યાં જ શ્રી ભરતભાઇ ગાંધી ને હર્ષાબેન ગાંધી હાજર થઇ જાય છે. નથી કોઇ લોહીની સગાઇ. નથી કોઇ સમાજની ઓળખ. નથી કોઇનું દબાણ. છતાં નિષ્કામ કર્મયોગી કેવા હોય તેનું ઉત્તમ ઉદાહરણ જોવું હોય તો આ બાળકોના જીવનમાં જોવા મળે છે. એ બાળકોના મૂળમાં શ્રી જીતુભાઇ ગાંધીના સંતસેવાના સર્વોત્તમ સંસ્કારો આ પાંદડે પાંદડે પથરાયેલા છે. સેવાના આ એક જ સાધનથી સંતને પામ્યા. ને સંતસેવાના સાધનથી પરમપિતા પ્રભુને પામવાની અલૌકિક કળા આ પરિવારને પ્રભુએ જાણે ભેટમાં આપી છે.

**૨. તા. ૨૯/૯/૯૮ મંગળવાર, હોસ્પીટલનો નવમો દિવસ :** પૂ. શ્રી ગુરુદેવપ્રભુની આ રક્ષાલીલાના સૌ અભિનેતા પોતપોતાની રીતે સર્વોત્તમ પાઠ ભજવી રહ્યા છે. શ્રી જીતુભાઇ ઘરે રહીને, સૌને સર્વોત્તમ માર્ગદર્શન ધરીને, 'મા'ને પૂર્ણઆરામ મળે, 'મા'ની સર્વોત્તમ સેવા થઇ શકે તેની સંપૂર્ણ કાળજી રાખીને પોતાનો પાઠ ભજવી રહ્યા છે. 'મા'ની સંભાળ સેવામાં રહેનારા સૌના ભોજનની તથા વિશ્રામની સેવા શ્રી જીતુભાઇએ જ સ્વીકારી છે.

પરિવારના યુવાનપુત્ર ભરતભાઇ અખંડ જાગ્રત રહીને 'મા'ની સેવામાં સતત રોકાયેલા રહે છે. દરરોજ હોસ્પીટલમાં

ઓછામાં ઓછા ૫ વાર અતિનિયમિત હાજર થઇ જાય છે. દવા લાવવાની હોય કે ફળો લાવવાનાં હોય, ડોક્ટરને મળવાનું હોય કે એક્ષરે માટે લઇ જવાનાં હોય, ભજનોની કેસેટો લાવવાની હોય કે 'મા'ને જ્યુસ આપવાનો હોય, 'મા'ની સેવામાં રહેતા બેનોને ઘરે લઇ જવાના હોય કે લાવવાના હોય, આ સઘળી સેવા રાત-દિવસ આ યુવાનભક્ત કરી રહ્યા છે.

શું એને કોઇ કામ નથી! કામ તો ઘણાં છે પરંતુ તા. ૨૧ બપોરે ૧ વાગ્યાથી અચાનક આવી પડેલી આ સેવા હસતા મુખે, કોઇ પણ પ્રશંસાની અપેક્ષા વગર, લાગણીથી કર્યા કરે છે. ધન્ય ભરત. સર્વપ્રકારે સુખી થાય એવી સહજ પ્રાર્થના સૌથી થઇ જાય તેવો ઉત્તમ સેવાનો અભિનય છે.

હર્ષાબેન જાણે આદર્શ પારિચારિકા બનીને 'મા'ને સર્વપ્રકારે સહાયક બને છે. જાણે વરસોથી સેવા કરવાનો મહાવરો હોય તેમ, સહજ રીતે કલ્પુનું સ્મરણ કરાવે તેવી સર્વપ્રકારે સહાયક બનવાની હર્ષાબેનમાં આવડત છે. ભરતભાઇના સેવાના સર્વકાર્યોમાં છાયા બનીને, સાચા અર્થમાં ધર્મપત્ની બનીને 'મા'ને સહાયક થઇ રહ્યા છે. ધન્યવાદ.

**૩. તા. ૩/૧૦/૯૮ શનિવાર, હોસ્પીટલનો વિદાયદિન :** સવારે ભરતભાઇ તથા હર્ષાબેનની પૂર્ણ સહાયથી અરૂણોદય સોસાયટીના ધીરજબાગમાં પૂ. શ્રીના ઓરડામાં અમે આવી ગયાં.

ઉપર આવતાં જ શ્રી જીતુભાઇ કાર્યરત બની ગયા. 'મા' માટે વીલચેરની યોજના, 'મા' બેસી નથી શકતા તો પલંગ ઉપર જ ટેકા માટેના સ્ટેન્ડની સગવડ, 'મા'થી હવે સ્નાન થઇ શકે માટે તેની સગવડ, આવી જાતજાતની નાની નાની મહત્ત્વની, જરૂરી સેવા વિચારી લેવામાં શ્રી જીતુભાઇએ જરાપણ વિલંબ નથી કર્યો.



સર્વ સાધનોથી સર્વોત્તમ રીતે 'મા'ને સહાયક થઇને પૂર્ણ સ્વસ્થ થાય ત્યાંસુધી પૂર્ણ આરામ મળે એવી સર્વ યોજના શ્રી જીતુ-ભાઇના મનઅંતરમાં ગોઠવાતી રહી છે.

કેવો ભાવ, કેવી સૂઝ, કેવી અદ્‌ભુત સેવા. કોઇ શબ્દો નથી એનું વર્ણન કરવાના!

પરિવારનો એક સરખો ભાવ. જાણે 'મા' સૌની. પોતાની જનેતા.

આ પરિવારની સેવાની સૂઝનાં દર્શન કરવાનો જાણે આ મંગલ પ્રસંગ છે. દેવોને પણ માનવદેહ ધરીને આ પરિવારમાં સેવા લેવાનું મન થાય તેવું છે.

ભારતમાં તો આવો પરિવાર અજોડ છે. ધન્ય છે, વંદન છે એ પરિવારને. એ પરિવારનું ઋણ 'મા' મસ્તકે ચઢાવતાં પ્રાર્થે છે પ્રભુ સૌનું સર્વપ્રકારે કલ્યાણ કરો.

**૪. તા. ૪/૧૦/૯૮ રવિવાર, ધીરજબાગ :** ગાંધી પરિવારની સેવાની કેવી અદ્‌ભુત વાત છે, કેવી સેવાની તત્પરતા છે. ના થાક, ના આળસ, ના કંટાળો, ના બડબડાટ, ના કોઇ બ્હાનાં. જાણે ૨૪ કલાક પ્રેમની પવિત્ર પગદંડી પર સેવાની અહાલેક જગાડી દીધી છે. અખંડ સેવાનો મંત્ર અહીં ચાલ્યા કરે છે. કેટલાયે અનુષ્ઠાનો, કેટલાયે કરોડો મંત્રજપ એક ત્રાજવાના પલ્લામાં મૂકો ને બીજા પલ્લામાં આ સેવાનો મહામંત્ર મૂકી દો તો?

સેવા જ સમર્પને પ્રસન્ન કરવાનું સર્વોત્તમ સાધન છે, એવું સહજ રીતે સિદ્ધ થઇ જાય.

ભગવાન જ્યારે જ્યારે અવતાર ધારણ કરે છે, ત્યારે ત્યારે પોતાના ભગવદ્રૂપને છૂપાવવા માટે સામાન્ય માનવી જેવું જ વર્તન કરે છે, અને છતાં ભગવાનના ભક્તો એ સામાન્ય વર્તનની પણ પેલે પાર એમના દિવ્ય સ્વરૂપને પામી જાય છે.

નાનાભાઈ ભટ્ટ

સૌજન્ય :

**YOGA & TOTAL HEALTH CENTRE**

ડૉ. હિમાંશુ પાઠક,
શ્રી હેમીના પાઠક.

"નિરાંત"
૩૨, દિવાળીબાગ સોસાયટી, સૂર્યપુર સોસાયટી પાછળ,
રાંદેર રોડ, સુરત–૩૯૫૦૦૯

ફોન : (૦૨૬૧) ૬૮૫૨૮૩



# અમનસ્કયોગ

યોગાચાર્ય શાન્તિકુમાર જ. ભટ્ટ

આદ્ય તારકયોગમાં યોગની સાધનાના બે પ્રકાર દર્શાવવામાં આવ્યા છે–તારકયોગ અને અમનસ્કયોગ. અમનસ્ક યોગનો સંસ્કૃત ગ્રંથ અમનસ્ક યોગશાસ્ત્ર તરીકે ઓળખાય છે. મૂળ અદ્વય તારક ઉપનિષદમાં તારકયોગનું વર્ણન વિસ્તારપૂર્વક કરવામાં આવ્યું છે, પહેલું અમનસ્કયોગ વિષે એમાં ઓછામાં ઓછી માહિતી આપવામાં આવી છે. મહાયોગી ગોરક્ષનાથે અમનસ્કયોગ વિષે વિસ્તારપૂર્વક આલેખન પોતાના ગ્રંથ અમનસ્કશાસ્ત્રમાં કર્યું છે. આ ગ્રંથ બે વિભાગમાં વહેંચી નાંખવામાં આવ્યો છે. સમગ્ર આલેખન ભગવાન શિવજી અને વામદેવ વચ્ચેના સંવાદરૂપે કરવામાં આવ્યું છે.

તારકયોગના લાભો દર્શાવી પછી આ ગ્રંથમાં યોગ્ય ગુરુની લાયકાત દર્શાવતા લખ્યું છે :

दृष्टिः स्थिरा यस्य विनैव दृश्यं,
वायुः स्थिरो यस्य विना प्रयत्नम् ।
चित्तं स्थिरं यस्य विनावलम्बम्,
स एव योगी स गुरुः स सेव्यः ॥

અર્થાત્ તારકયોગની સાધના એવા ગુરુ પાસે શીખવી જોઈએ કે જેની દૃષ્ટિ દૃશ્યવિના સ્થિર હોય, જેના શ્વાસોચ્છ્વાસ પ્રયત્ન વગર સ્થિર હોય, જેનું ચિત્ત કશાય આધાર વગર સ્થિર હોય.

સાધકે શરૂઆતમાં શી તૈયારી કરવી જોઈએ તે દર્શાવીને ગોરક્ષનાથ કહે છે કે જ્યારે અમનસ્ક યોગની સાધના કરવામાં

આવે છે ત્યારે યોગીનું શરીર કોમળ તથા હળવું બને છે.

जायमानामनस्कस्य उदासीनस्य सर्वतः ।
मृदुत्वं च लघुत्वं च शरीरस्योपजायते ॥

ગોરક્ષનાથ યોગ, ધર્મ અને અધ્યાત્મને નામે જે મનકલ્પિત સાધનાઓ કરવામાં આવે છે એમની ટીકા કરીને જણાવે છે કે સાધકોએ આવી બધી માનસિક સાધનાઓનો ત્યાગ કરવો જોઈએ, અને પરમ તત્ત્વનું ધ્યાન ધરવું જોઈએ. આને માટે અત્યંત આરામદાયક એવા સુખાસનમાં બેસવું જોઈએ અને પોતાની આગળ એક ભુજા જેટલે દૂર જમીન પર ધ્યાન ધરવું જોઈએ અને વિચારો કરવા પર કે વિચારો પર વિચારો કરવા પર ધ્યાન આપવું ન જોઈએ. આમ કરવાથી વિચારો આવતા ધીમે ધીમે બંધ થઈ જશે અને મનથી પર અવસ્થામાં ચાલ્યા જવાશે. પોતાના શ્વાસોચ્છ્વાસ ચાલે છે કે નહીં એની પણ ખબર પડશે નહીં અને પોતે વૃક્ષના થડ માફક સ્થિર થઈ જશે. ધીમે ધીમે બહારના અવાજ પણ સાંભળવાનું બંધ થઈ જશે. પછી પાણીમાં જેમ મીઠું ઓગળી જાય એમ એનો આત્મા પરમાત્મામાં લીન થઈ જશે. આવી સાધના લાંબા સમય સુધી ચાલુ રાખવાથી સાધકમાં આશ્ચર્યજનક સિદ્ધિઓ ધીમે ધીમે પ્રકટ થવા માંડશે. આવી મનથી પર અવસ્થામાં જો તે છ કલાક રહી શકે તો તેને આત્મપ્રકાશનો અનુભવ થશે, અને એના આત્માનો સૂક્ષ્મ પ્રકાશ બહારની દુનિયા પર પડવા લાગશે. આવી રીતે આ સાધના ૨૪ વર્ષ સુધી ચાલુ રાખવામાં આવે તો તે વિશ્વભરમાં વ્યાપેલ ચૈતન્ય સાથે એકતા અનુભવી સચ્ચિદાનંદનો અનુભવ કરશે.

આ ગ્રંથમાં પ્રથમ શિવજી રાજયોગનું મહત્ત્વ દર્શાવે છે અને જણાવે છે કે આ અમનસ્કયોગ રાજયોગ કહેવાય છે કારણ કે તે બધા યોગોનો રાજા છે. સાધકે શાંભવી મુદ્રાની સાધના કરવી



જોઈએ. શાંભવી મુદ્રાનું વર્ણન કરતાં ગોરક્ષનાથ કહે છે કે :

अन्तर्लक्ष्य बहिर्दृष्टि निर्मेषोन्मेषवर्जिता ।
एषा हि शाम्भवी मुद्रा सर्वशास्त्रेषु गोपिता ॥

અર્થાત્ જેમાં લક્ષ્ય અંદર હોય, દૃષ્ટિ બહાર હોય, નયનો ઊઘાડબંધ ન થતાં હોય એ શાંભવી મુદ્રા કહેવાય છે. અને સર્વ શાસ્ત્રોમાં તે સંરક્ષિત છે. (અર્થાત્ માત્ર લાયકાત ધરાવતા શિષ્યને જ તે શીખવાય છે.)

ત્યારબાદ અમનસ્કયોગ કેવા આસનમાં કરવો તે દર્શાવતા જણાવાયું છે કે–

ऊर्ध्वमुष्टिरधोदृष्टि रूर्ध्वभेदस्त्वधः शिराः ।
धरायंत्र विधानेन जीवन्मुक्तो भविष्यति ॥

અમનસ્કયોગની સાધના કરવા માટે સાધકે પ્રથમ સુખાસન-માં બેસવું જોઈએ. પછી ઉપરની તરફ પોતાની મુઠ્ઠીયો ઊંચી કરવી જોઈએ, મસ્તક નમાવી દૃષ્ટિને નીચે સ્થિર કરવી જોઈએ અને ઉપર જે પરમ તત્ત્વ છે તેનું ધ્યાન ધરવું જોઈએ. આ સ્થિતિ અર્જુને મત્સ્યવેધ કરવા શરીરની સ્થિતિ જે રીતે કરી હતી તેને મળતી આવે છે. આમ કરવાથી સાધક જીવન્મુક્ત થાય છે. ધાર્મિક ગ્રંથોથી સુખ મળી શકે પણ આધ્યાત્મિક સચ્ચિદાનંદની પ્રાપ્તિ થઈ શકે નહીં. (मूढाः शास्त्रेषु मुह्यति) બકરુ પોતાના વાડામાં હોય અને ભરવાડ એને કૂવામાં શોધે એના જેવી ધાર્મિક ક્રિયાઓ છે.

જ્યાંસુધી વિચારો હોય છે ત્યાંસુધી જ શ્વાસોચ્છ્વાસ ચાલ્યા કરે છે. પરંતુ સાધક જ્યારે વિચારોના–મનના વર્તુલની બહાર જાય છે ત્યારે શ્વાસોચ્છ્વાસ લગભગ બંધ થઈ જાય છે. ગુરુની કૃપાથી પણ આવી સ્થિતિ પ્રાપ્ત કરી શકાય.

યોગને નામે કેટલીય ક્રિયાઓ કરવામાં આવે છે તે અમનસ્ક-યોગના સાધકે કરવાની નથી. યોગની સાધનાને નામે કેટલાક મૂત્રપાન કરે છે, મળ ખાય છે, પોતાની લાળ કાઢયા કરે છે, સળગતા લાકડાની સામે કે તેની વચમાં બેસી રહે છે. યુવાન સ્ત્રી સાથે સંબંધ કરી વીર્ય પાછું ખેંચી લે છે, જાતજાતની ધાતુઓ અને ભસ્મો ખાય છે. માત્ર ચર્ચાઓ કરે છે, જાતજાતની કેશભૂષા તથા વેષભૂષા કરે છે, મસ્તક મૂંડાવે છે, કાળાં કે લાલ કપડાં પહેરે છે. માદક પદાર્થો ખાય છે, શરાબ પીએ છે, માંસાહાર અને વ્યભિચાર કરે છે, અઘરા પ્રાણાયામો અને આસનો તથા અન્ય ક્રિયાઓ કરે છે. આ બધાથી અમનસ્કયોગના સાધક દૂર રહે છે.

અમનસ્કયોગના સાધક માટે ગુરુ પણ યોગ્ય લાયકાત ધરાવનાર હોય. જેનું વર્ણન અગાઉ કરેલ છે. આ યોગની સાધના કરવા માટે સાધકે પગથી મસ્તકસુધી આરામદાયક સ્થિતિમાં બેસવું જોઇએ. એણે તમામ ચિંતાઓ છોડી દેવી જોઇએ. આનંદ-મય સ્વભાવ રાખવો. વિચારો આવે તેમને આવવા દેવા અને જાય તેમને જવા દેવા. આમ મન નિર્વિચાર થઇ જશે. ધ્યાન ધરવા માટે કોઇ પ્રયત્ન કરવો ન જોઇએ. આંખો અર્ધી બંધ રાખી-ને સાધના કરવી. જાગૃત અવસ્થામાં યોગીએ નિદ્રા જેવી સ્થિતિ અનુભવવી. આવી સ્થિતિ બાબતમાં જ ગીતામાં કહ્યું છે કે–

या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि सा निशा पश्यतो मुनेः ॥

મનને તે જ્યાં જાય ત્યાં જવા દેવું પ્રયત્નપૂર્વક રોકવું નહીં. આમ કરવાથી ધીમે ધીમે આપોઆપ મનનો લય થાય છે. પરંતુ મનને કાબૂમાં રાખવા પ્રયત્નો કરવામાં આવે તો આડાઅવળા રસ્તે વધારે જાય છે.



यत्र यत्र मनो याति न निवार्यं ततस्ततः ।
अवारितं क्षयं याति वार्यमाणं तु वर्धते ॥

સોનાની ઓરને–કાચી ધાતુને અગ્નિમાં રાખવામાં આવે તો એની અશુદ્ધિ બળી જતાં એક શુદ્ધ સોનું રહે છે. પાણીને જો સ્થિર રાખવામાં આવે તો તે આપોઆપ શુદ્ધ થાય છે. આવી રીતે શાંત બેસવાથી આત્મતત્ત્વ આપોઆપ પ્રકાશવા લાગે છે. કેળ ઉપર કેળાં આવ્યા પછી કેળ આપોઆપ નાશ પામે છે તેમ સચ્ચિદાનંદની પ્રાપ્તિ થયા પછી મન કાયમ માટે આત્મામાં લીન થઇ જાય છે.

મનની ચાર અવસ્થાઓ છે:–

૧. વિશ્લિષ્ટ : આ અવસ્થામાં તમોગુણ મુખ્ય હોય છે અને ત્યારે મનુષ્ય આળસ, સુસ્તી ઇચ્છે છે.

૨. ગતાગત : આ અવસ્થામાં રજોગુણ મુખ્ય હોય છે અને તેને લીધે મનુષ્ય જાતજાતના વિચારો કર્યા જ કરે છે.

૩. સુશ્લિષ્ટ : આ અવસ્થામાં મનમાં ઉદાર અને કલ્યાણમય સત્ત્વગુણયુક્ત વિચારો પ્રકટે છે.

૪. સુલીન : આ તુર્યાવસ્થામાં મન સચ્ચિદાનંદમાં લીન થઇ જાય છે.

આ યોગની સાધના કરનારે સંસારમાં પોતે જ્યાં હોય ત્યાં એણે પોતાની ફરજ બજાવ્યા જ કરવાની છે, પણ ફરજો છોડી આ યોગની સાધના કરવાની નથી. એવો કર્મત્યાગ કરવાનો નથી, પણ કર્મોએ અંતે માનવી રીટાયર થાય એમ સાધકનો ત્યાગ કરવાનો છે. કારણ કે કામનાઓ જ કર્મો તરફ મનુષ્યને ધકેલે છે. આવા સાધક માટે દિવસ કે રાતનો કોઇ ભેદ રહેતો નથી. □

વગર પૈસે પૂ. માની કૃપાથી

# અમારી રાજકોટ યાત્રા

નારાયણ હ. જાની

એ દિવસ ૧૨ જૂન, ૧૯૯૮નો હતો.

પૂ. માની આજ્ઞા પ્રમાણે જે. કે.ને ત્યાં માસિક સત્સંગની તારીખ ૨૮ થી ફેરવીને ૧૩ કરવામાં આવી હતી. એટલે મને જે મહિને અનુકૂળતા હોય, તે મહિને રાજકોટના સત્સંગમાં જવાનું ગોઠવતો. આ વખતે આ દિવસે જ મારો મોટો પુત્ર રાજુ–ઘર ખાલી કરી, પરિવાર સાથે રાજકોટથી ભાવનગર આવવાનો હતો. એથી એણે મને એવી સૂચના આપી હતી કે તમે તા. ૧૨ મીએ રાજકોટ જવાના હો તો બસમાં ના જતા. મારે માટે જે ગાડી આવવાની છે તે સાંજ પહેલાં રાજકોટ પાછી ફરવાની છે. તેમાં બેસી જજો. તે તમારે જ્યાં ઉતરવું હશે ત્યાં ઉતારી દેશે. એટલે મેં તે દિવસ માટે બસનું રીઝર્વેશન કરાવ્યું નહિ.

તેઓની ગાડી બપોરે એક વાગ્યા પછી આવી. તે પછી ટ્રકમાં સામાન આવ્યો, તે ઉતારવા કરવામાં બે કલાક વીત્યા. વચ્ચે વરસાદના ઝાપટાંએ પણ કસોટી કરી લીધી.

રાજકોટ જવા માટે મારા મનમાં દ્વિધા હતી, કારણ કે છેલ્લા કેટલાંય વરસો પછી હવે રાજોકટમાં દીકરાનું ઘર ન હતું. એટલે ઉતરવું બીજે પડે. જો કે સત્સંગીઓ ઘણા હતા, તેમાંના કેટલાક તો ખૂબ શ્રદ્ધાળુ અને પ્રેમાળ પણ ખરા. એટલે પૂ. ગુરુદેવ અને પૂ. માના સાત્ત્વિક પરિવારને–સત્સંગના નાતે મળવા જતા



હોઈએ તેવું હતું; અને મનને તે ગમતું. છતાં ઉમ્મરને લઈને એકલા પ્રવાસ કરતાં થોડો ખચકાટ થતો, ડર પણ રહેતો, રખે રસ્તામાં કોઈ તકલીફ થઈ જાય, તો પરિવારના સભ્યોને કારણ વગરની તકલીફ થઈ જાય. આમ છતાં મન એ રીતે સમાધાન કરી લેતું કે પૂ. માના અનન્ય ભક્ત શ્રી જે. કે. દર મહિને છેલ્લાં ત્રણ વરસોથી એકવાર પણ ચૂક્યા સિવાય છેક બેલગામથી ત્રણ ત્રણ ગાડીઓ બદલીને ફક્ત એક દિવસના બેત્રણ કલાકના સત્સંગ માટે આવે છે, તો મારે તો માત્ર ચાર કલાકની આરામ-દાયક મુસાફરી કરી રાજકોટ પહોંચવાનું છે, તેમાં શો વાંધો? વળી હજી ઉમ્મરના પ્રમાણમાં શરીર સ્વસ્થ છે. તો જવું જ જોઈએને! આમ મનની તરફેણ અને વિરુદ્ધની દલીલોના લેખાંજોખાંના અંતે જવાનું નક્કી કર્યું, થેલો તો આગલા દિવસની રાતનો તૈયાર કરીને રાખેલો.

ભાવનગરથી ગાડી ઉપડી ત્યારે સાંજે ૪ વાગ્યા હતા અને વરસાદ પણ ધીમો ધીમે પડતો હતો. છતાં છેલ્લી ઘડીએ જવાનો નિર્ણય કરીને હું રસ્તા ઉપર ઊભેલી ગાડીમાં બેસી ગયો. મારા સામાનનો થેલો એક દીકરીએ ઉપાડી ગાડીમાં પાછળની ડીકીમાં મૂકી દીધો.

ઊભે રસ્તે વરસાદ એક સરખો ચાલુ હતો. પરંતુ અડધું અંતર કાપ્યા પછી તે થોડો ઓછો થતો લાગ્યો. ઢસા પહોંચ્યા ત્યાં તે સદંતર બંધ થઈ ગયો હતો.

અહીં ડ્રાઈવરે વિસામો ખાવા ગાડી થોભાવી. તેણે ચા–પાણી પીધાં. મને પણ આગ્રહ કર્યો, પરંતુ મને ટેવ ન હોવાથી મેં ના પાડી. અહીં મેં થેલો ઊઘાડી જોઈ લીધું કે મારા થેલા પાસે મૂકેલ

સેવિંગ્ઝ કીટવાળું પાકીટ દીકરીએ મૂક્યું છે કે કેમ?—અને થેલો આખો ફેંદતાં ખબર પડી કે એ પાકીટ તો દીકરી મૂકવાનું જ ભૂલી ગઇ છે! મને ઘડીભર મૂંઝવણ થઇ ગઇ, કારણ પ્રવાસ માટેના પૈસા એમાં હતા. તે તો ભાવનગર રહી ગયા—હવે કોકની પાસે પૈસા માગવા પડશે. તે સિવાય પાછા શી રીતે અવાશે?

પ્રભુની જેવી ઇચ્છા—એમ વિચારી રાજકોટ પહોંચ્યો. સારા નસીબે શ્રી રાજુભાઇએ શ્રી વિજયભાઇ કનેરિયાને અમે રાજકોટ આવી રહ્યા છીએ એની જાણ કરેલી. એટલે તેઓ અમારી રાહ જોતા હતા.

રાજકોટમાં પૂ. રામકૃષ્ણ પરમહંસદેવનાં એક પરમ ભક્ત બેન શ્રી મેનાબેન જાવિયા રહે. તેઓનું મકાન અમારા પુત્ર રાજુભાઇના મકાનની સામે જ. વળી તેઓ સત્સંગ પ્રેમી. એટલે તેઓએ એવું ઠરાવેલું કે શ્રી જે. કે.ને ત્યાં માસિક સત્સંગ હોય, તેના આગલા દિવસે તેમને ત્યાં સત્સંગ ગોઠવાતો. એથી જ અમે તા. ૧૨ મીએ એક દિવસ વહેલા સત્સંગમાં આવેલા.

વ્યવસાયે મેનાબેન ડેન્ટીસ્ટ એમ.ડી.એસ. થયેલાં. તેમની પ્રેક્ટીશ સારી ચાલે. અપરિણિત અને ઠાકુર અને શારદામામાં ખૂબ શ્રદ્ધાભક્તિ ધરાવે. ઉમ્મર—પાંત્રીસ આસપાસની, પરંતુ સાંસારિક વિષયોથી સાવ અલિપ્ત. ઘરમાં માતા—પિતા અને ભાઇ—બેન સાથે રહે—કિન્તુ પાણી વચ્ચે રહેતા કમળની જેમ—તદ્દન અલિપ્ત ભાવે. તેઓ હંમેશાં પોતાના વ્યવસાયમાં અને પોતાની આંતરિક સાધનામાં મસ્ત જોવા મળતાં.

આ બેનને પણ પૂ. મા સર્વેશ્વરી સાથે પરિચય થયા પછી—તેમનામાં સારી એવી શ્રદ્ધા પ્રકટેલી. એટલે શ્રી મેનાબેન અમને



જીવનના રાહે સહપ્રવાસી જેવાં આત્મીય લાગે. પૂ. ગુરુદેવ અને પૂ. માના ભક્ત તરીકે તેમ જ અમારી ઢળતી વયને લીધે અમારા પ્રત્યે આદરથી જુએ, અમને મદદરૂપ થવા તત્પર રહે.

તેમને ત્યાંના સત્સંગમાં અમે થોડા મોડા પહોંચ્યા. છતાં અમને આવેલા જોઇને સહુને પ્રસન્નતા થઇ. સત્સંગમાં ત્રીસેક જેટલાં ભાઇબહેનો હતાં તેમાંનાં કેટલાંક પૂ. રામકૃષ્ણદેવનાં ભક્ત ખરાં.

શ્રી વિજયભાઇને ત્યાં ઉતારો હોવાથી, સત્સંગમાં પહોંચવામાં ને પાછા ફરવામાં કોઇ તકલીફ પડી નહિ, કારણ તેમની ગાડીમાં જ જવા આવવાનું થયું. આમ પૈસા ખર્ચવાની આવશ્યકતા ન રહી.

બીજા દિવસે સવારે ઊઠતાં ખબર પડી કે વિજયભાઇ અને તેમનાં પત્નીને બહાર સ્નેહીને ત્યાં જમવા જવાનું છે. અમને થયું, 'અરે, આમને અમારે એકને માટે જ રસોઇ બનાવવી પડશે!' એ વિચારે સંકોચ થયો. ત્યાં તો નવ વાગે શ્રી જયસુખ-ભાઇનો સામેથી ફોન આવ્યો. આજે શ્રી જાનીકાકા અમારે ત્યાં જમશે. હું ગાડી લઇને તેમને તેડવા આવીશ.

મને જ્યારે આની જાણ થઇ ત્યારે ખરે જ આનંદ થયો. કારણ કે યજમાન પરિવારની અમને છોડીને જમવા જવાની મૂંઝવણ ટળી ગઇ.

બે નાની પુસ્તિકાઓના પ્રકાશન માટે અમારે શ્રી પ્રવીણ પ્રકાશનવાળા ગોપાલભાઇને મળવાનું હતું. એટલે તેમને રીક્ષામાં મળવા જવું કે કેમ—એ વિચાર ચાલતો હતો, ત્યાં જ શ્રી વિજય-ભાઇએ કહ્યું હું જ તમારી સાથે આવું છું. મારી ફેક્ટરી પર થઇ

આપણે ત્યાં જઇએ. મારી ગાડીમાં. એટલે અહીં પણ પૈસા ખરચવાની પરિસ્થિતિ–પ્રભુએ ઊભી થવા જ ના દીધી.

શ્રી ગોપાલભાઇને મળીને શ્રી વિજયભાઇની ફેક્ટરીએ આવ્યા તો શ્રી જયસુખભાઇ ગાડી લઇને અહીં આવી પહોંચેલા. તેઓ અમારી રાહ જોતા હતા. રાજકોટમાં પૂ. મહાત્મા યોગેશ્વરજી-નાં કેટલાંક પુસ્તકોનું વેચાણ શ્રી વિજયભાઇ કરે. તપાસ કરતાં માલૂમ પડયું કે પુસ્તકોનો કેટલોક સ્ટોક તેઓ અહીં જ ફેક્ટરી પર રાખે છે. અમારે રૂા. ૭૦ નાં બે પુસ્તકો તેમની પાસેથી લેવાનાં હતાં. પરંતુ ગજવામાં પૈસા ન હતા. એટલે વિચાર માંડી વાળ્યો. અમે તો કંઇ બોલ્યા નહિ. ત્યાં તો શ્રી જયસુખભાઇને એક પુસ્તક જોઇતું હતું. તેમણે તેની માગણી કરી. એટલે અમારાથી પણ બોલાઇ ગયું, અમારેય બે પુસ્તકો જોઇએ છે. પણ આગળ કંઇ બોલીએ તે પહેલાં જ શ્રી જયસુખભાઇએ અમારા પૈસા વગર કહ્યે આપી દીધા. પરંતુ તે પૈસા તે વખતે આપવાનો વિવેક કરવાની ત્રેવડ ન હતી. એટલે પછી મોકલી આપવાનું વિચારી મૌન રહ્યા.

શ્રી જયસુખભાઇની ગાડીમાં તેમના ઘરે આવ્યા તો જાણવા મળ્યું કે તેઓએ નવી ફેક્ટરી બાંધવા માટે જગા લીધી છે અને આજે તેના પાયાના ચણતર માટેનું ભૂમિપૂજન છે. આ પૂજનનો સમય બપોરે ૧૨–૦૦ થી ૧–૩૦ છે. બપોરના સમયનો ભારે તડકો લાગે–એટલે એમણે જરા કચવાતા મને અમને વિનંતિ કરી કે અમે ભૂમિપૂજનમાં તેમની સાથે જોડાઇએ તો સારું. વળી તેમણે ઉમેર્યું, "પૂ. માએ તો આ માટે આશીર્વાદ આપેલા છે, પરંતુ અમને એમ હતું કે પૂ. ગુરુદેવ કે પૂ. માના કોઇ કૃપાપાત્ર



સત્સંગી આ શુભ પ્રસંગે ઉપસ્થિત રહે તો સારું. આથી અમે શ્રી કલ્યાણને તેમના ગામ ખોરાસા ગીર તેડવા ગયેલા, પણ તેઓ ના આવી શક્યા. એટલે અમે મનમાં થોડા નિરાશ થયેલા. પરંતુ ગઇકાલે તમે અચાનક આવી ગયા એટલે આનંદ થઇ ગયો. થયું ચાલો, વગર બોલાવ્યે કાકા આવી ગયા!

તેઓનો ભાવ જોઇ મને થયું કે બેત્રણ કલાક અહીં બેસવું તેના કરતાં તેમની સાથે જ જઇએ તો ઠીક. થોડી ગરમી લાગશે તો ભલે લાગે. ક્યાંય થોડો છાંયો હશે, તો ત્યાં બેસીશું.

આમ વિચારી અમે ભૂમિપૂજનમાં તેમની સાથે જોડાણા. તેથી તેમને આનંદ થઇ ગયો.

રાજકોટથી અમદાવાદ જવાના માર્ગ ઉપર વીસેક કિલો-મીટરના અંતરે તેમણે આ જગા ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ વિસ્તારમાં લીધી છે. હવે તે જગામાં બાંધકામ કરવાનું છે. એટલે અમે તેમની સાથે પૂજન વખતે ત્યાં હાજર રહેવા જોડાયા. બે ગાડી-ઓમાં પરિવારના સભ્યો, પૂજનવિધિ કરાવનાર બ્રાહ્મણ અને અમે સ્થળ ઉપર પહોંચ્યા.

ઉનાળાના દિવસો એટલે ગરમી તો હોય જ. વળી બપોરનો સમય. એટલે ગરમી વિશેષ લાગે. સ્થળ પર ઉતરીને જોયું તો ખાસ કોઇ વૃક્ષ જેવું આસપાસમાં ન હતું, ભૂમિપૂજનના સ્થળથી સો ફૂટ છેટે એક બાવળનું થોડું ઊંચુ ઝાંખરું હતું. તેનો થોડો છાંયો હતો. એ છાંયામાં નીચે બેસાય તેવું હતું. અમે ત્યાં પાથરણા ઉપર–માથે ભીનો નેપકીન રાખી પ્રભુસ્મરણ કરતા બેઠા.

ખુલ્લી જગા હતી એટલે પવન તો વાતો હતો. પરંતુ તે ગરમ લાગતો.

દોઢેક કલાકમાં પૂજનવિધિ પૂરી થઇ, એટલે અમે ઊઠીને પૂજનના સ્થળે ગયા. અમે પણ પૂજા માટે પ્રસ્થાપિત દેવનાં સ્વરૂપોને તેમ જ મા પૃથ્વીને વંદન કર્યાં. શ્રી જયસુખભાઇ અને એમનાં પત્ની મધુબેને પણ બ્રાહ્મણની સાથે અમને પ્રણામ કરી, આશીર્વાદની યાચના કરી. તેમનો અમારા પ્રત્યેના પૂજનીય ભાવ જોઇને—અમે અંતરથી મા—પ્રભુને પ્રાર્થના કરી કે તેઓનું સર્વ-પ્રકારે મંગલ કરે.

આશીર્વાદની વિધિ પૂરી થયા પછી શ્રી જયસુખભાઇએ અમારા હાથમાં એક કવર મૂક્યું. અમે ના કહી પણ તેમણે કહ્યું, "તમે આવ્યા તેથી અમને ખૂબ આનંદ થયો. અમારી ભાવનાની પૂર્તિ પૂ. મા—પ્રભુએ તમને રાજકોટ આવવાની પ્રેરણા કરીને કરી, એવું અમને લાગ્યું."

ઉતારે આવીને અમે કવરમાં જોયું તો તે રકમ રૂા. ૧૫૧ હતી. અમને થયું વાહ પ્રભુ, તમે અમારી આર્થિક સમસ્યા કેવી અદ્ભુત રીતે ઉકેલી નાંખી! અમને થયું હવે કોઇની પાસેથી કોઇ પૈસા લેવા નહિ પડે.

સામાન્ય રીતે રાજકોટ જઇને પાછા આવવાનો ખર્ચ રૂા. ૧૨૫—૧૩૦ જેવો થતો હોય છે, પરંતુ આવતાં તો કોઇ ખર્ચ થયો ન હતો—એટલે આટલા પૈસા તો પૂરતા થઇ રહે.

ભાવનગરથી નીકળતી વખતે એક નીચલા દાંતમાં દુઃખાવો થતો હતો. એટલે તા. ૧૨ મી ના રોજ શ્રી મેનાબેનને વિનંતિ કરી કે "તા. ૧૩ મીએ તો રજા છે, પરંતુ તા. ૧૪ મીએ અમારે ભાવનગર પરત જવાનું છે. તેથી શક્ય હોય તો રવિવારે જ જોઇ દો તો સારું."



તેઓએ જણાવ્યું, "તા. ૧૩ મી ના રોજ રામકૃષ્ણ આશ્રમ તરફથી સવારથી જ કંડલા અને અંજારના વાવાઝોડાનો ભોગ બનેલ માણસો માટે કપડાં, અનાજ પૈસા એકત્ર કરવાનો કાર્યક્રમ છે. એટલે હું આખો દિવસ રામકૃષ્ણ આશ્રમમાં છું. છતાં શક્ય હશે તો રવિવારે સવારે બોલાવું તો અનુકૂળ રહેશે?"

અમે હા કહી. એટલે રવિવારે અમારે માટે ખાસ સમય કાઢી તેમણે અમારો દુઃખતો દાંત બહુ સરળતાથી કાઢી આપ્યો. એથી ઘણી રાહત થઇ. પરંતુ અમારા તે પૈસા લે નહિ—એટલે થયું—ચાલો આપણે કંડલાના રાહતફંડમાં થોડા પૈસા દઇ દઇએ. એ રીતે સો રૂપિયા એ ફંડમાં અમારા વતી આપવા તેમને દીધા. જો કે આ પૈસા અમારા ક્યાં હતા! શ્રી જયસુખભાઇએ તે દીધા હતા. એટલે અમે તો જાણે આંગડિયા સરવીસનું કામ કર્યું, વળી આમ છતાં ભાવગનર જવા માટે હજી રૂા. ૫૧ તો અમારી પાસે બચેલા હતા.

પરંતુ ભગવાનની લીલા તો જુઓ! શ્રી જયસુખભાઇએ અમને સવારે જણાવ્યું, "કાકા, તમારે બસમાં જવાની જરૂર નથી. મારે અલંગ જવાનું છે, તે હું તમને તા. ૧૫ મીએ ભાવ-નગર પહોંચાડી દઇશ."

મારે એક દિવસના વિલંબથી કોઇ ફેર પડે તેમ ન હતો. તા. ૧૪ મી ની રાત અમે ગોંડલ તેમના વતનમાં રહ્યા. પૂ. શ્રી નાથાભાઇના દર્શને ગયા, પરંતુ તેઓનું સ્વાસ્થ્ય સારું ન હોવાથી, તેઓ મળી ના શક્યા, "જેવી પ્રભુની મરજી"—એમ વિચારી, તે સંતના આવાસને બહારથી વંદન કરી લીધા. પૂ. શ્રી રણછોડ-દાસજી મહારાજના મંદિરે દર્શન કરી—સંતોષ માન્યો.

બીજા દિવસે વહેલી સવારે છ વાગે ગોંડલથી ભાવનગર

આવવા પ્રસ્થાન કર્યું. વહેલી સવારનું વાતાવરણ ખરે જ ખૂબ ખુશનૂમા હતું. રસ્તામાં આવતા રંગોળા પાસેના ભાવનાથ મંદિરે રોકાયા. આ સ્થાનના સંત દલપતગિરિજી જૂનાગઢથી અહીં આવી ગયા છે, તે અમને જાણવા મળેલ. એટલે અમે તે મંદિરે ગયા. તો પૂ. શ્રી દલપતગિરિજીએ ખૂબ ભાવપૂર્વક અમને આવકાર્યા. લીંબુનું સરબત પણ પાયું.

ત્યાં ચાલતી અંગ્રેજી મિડિયમની શાળા અંગે થોડી વાતો પણ થઈ. તે શાળા માટે થોડા દિવસ પહેલાં કરવામાં આવેલ સમારંભમાં એક જ બેઠકે રૂા. ૪ કરોડ ભેગા થઇ ગયા! તેમાં એક પરિવારે જ રૂા. બે કરોડ આપ્યા. તો બીજા બે ત્રણ પરિવારોએ પણ રૂા. ૫૦, ૨૫, ને ૨૧ લાખ જેવી માતબર રકમો પણ આપી. આ દાનમાં મોટી વાત એ હતી કે દાતાઓએ તે માટે કોઇ શરતો રજૂ કરી ન હતી. કેવું સરસ કહેવાય!

સ્વામીજી પાસેથી વિદાય લેતાં પહેલાં તેઓના ચરણમાં કંઇ મૂકવાની ઇચ્છા થઇ. ગજવામાં હજી પેલી રૂા. ૫૦ ની નોટ બચેલી હતી હવે તેને રાખવાની કોઇ આવશ્યકતા ન હતી. એટલે પૂ. સ્વામીજીના ચરણોમાં તે મૂકી દીધી. શ્રી જયસુખભાઇએ પણ તેઓના ચરણમાં ભેટ મૂકી. નીકળતાં સ્વામીજીએ શ્રી જયસુખભાઇને કહ્યું, અમને બે વ્યક્તિઓને મળીએ એટલે આનંદ થાય છે. તેઓ દીર્ઘાયુ બને તેવી પ્રભુને પ્રાર્થના કરીએ છીએ. તેમાંનો એક વીરનગરવાળા ડો. અધ્વર્યુ છે અને બીજા આ નારણભાઇ એમના દીર્ઘાયુ થવાથી સમાજને લાભ જ થવાનો છે.

સ્વામીજીની સાદાઇ, નિખાલસતા તેમ જ સ્પષ્ટ અને મુદ્દાસર વાત કરવાની શૈલી તેમ જ જીવનની ધ્યેયલક્ષિતા પ્રત્યેની જાગૃતિ



શ્રી જયસુખભાઇને સ્પર્શી ગઇ! ઘણી મોટી સંસ્થાનું કાર્ય સંભાળતા હોવા છતાં તેઓ ખૂબ જ હળવા ફૂલ અને આડંબર-રહિત લાગતા હતા. તેમનું જીવન અનેક પ્રવૃત્તિઓ વચ્ચે પણ નિવૃત્તિ અને જીવનની અનેક સુવિધાઓ વચ્ચેય જલકમલવત્ દદ્દન નિઃસ્પૃહ લાગતું હતું. જીવન પ્રત્યેનો તેમનો અભિગમ વૈજ્ઞાનિક અને આધુનિક હોવા છતાં, તેમાં ભારતીય સંસ્કૃતિ પ્રત્યેની ઊંડી સમજ વ્યક્ત થતી હતી.

પૂ. સ્વામીજીની વિદાય લઇને અમે મંદિરમાં દર્શન કરવા ગયા, ભગવાનની પૂજા ખૂબ સરસ પુષ્પોથી શણગારીને કરેલી જોઇ અમે સહુ પ્રસન્ન થઇ ગયા. ગજવામાં બચેલો છેલ્લો રૂપિયો પ્રભુના ગોલખમાં ધરી દેતાં મનમાં કહ્યું, તેરા તુજકો અર્પણ ક્યા લાગે મેરા!

આમ પ્રભુએ અમને રાજકોટના સત્સંગની યાત્રા વગર પૈસે કરાવી–એની લીલાનું અદ્‌ભુત દર્શન કરાવ્યું! પૂ. મા–પ્રભુની કૃપાથી જ આ થઇ શક્યું. એમની જય હો, જય હો, જય હો.

અંબાજીમાં ક્યાં ઉતરશો?
"સ્વર્ગારોહણ"
માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ
"સ્વર્ગારોહણ", દાંતા રોડ, અંબાજી. (ઉ. ગુ.) ૩૮૫ ૧૧૦
એસ. ટી. ડી. ૦૨૭૪૯/ ટે. નં. ૬૨૨૬૯

# શારદાબહેનની મીઠાઈ

ઈશ્વરભાઈ ભક્ત (પરમાર્થી)

અમે ટાઓસથી સાન્તા ફેના રસ્તે ગાડી હંકારી. ટાઓસથી બહાર નીકળતા ડાબી તરફને રસ્તે જઈએ તો લાસવેગાસ પહોંચી જવાય ને જમણી તરફને રસ્તે વળીએ તો સાન્તા ફે જવાય. ટાઓસથી બંને નગરોનું અંતર લગભગ સરખું. ત્રણે શહેરોને આવરી લેતો નકશો દોરવામાં આવે તો બરાબર ત્રિકોણ સર્જાય. એટલે આજની અમારી યાત્રા ત્રિકોણાકારની થશે. રાત્રે પાછા લાસવેગાસ પહોંચીશું એટલે યાત્રાનો ત્રિકોણ પૂરો થશે. સવારથી નીકળ્યા છીએ છતાં શરીરને થાક લાગ્યો નથી. કંટાળો પણ અનુભવ્યો નથી. સદ્‌ગુરુની કૃપાથી આજે હનુમાનજીનાં દર્શન સરસ રીતે કરી શક્યા, તેથી જાણે હૃદયનો ઉમંગ બમણો વધી ગયો હોય તેમ લાગ્યું. વનવાસી લોકોની મુલાકાત પણ સુખદ નીવડી. અતીતમાં ડોકિયું કરવાનો મોકો મળ્યો અને જે મૂળ પ્રજાની કેવી કરુણ કહાની છે તેને સમજવાનો યથાર્થ પ્રયાસ થયો એ પણ ઉત્સાહપ્રેરક ઘટના ગણાય. તેથી સાન્તા ફેનો રસ્તો ઘણી સરળતાથી પસાર થઈ રહ્યો હતો. રસ્તાની બંને બાજુ ડુંગરોની હારમાળા હતી. બંને તરફ સુંદર હરિયાળી પથરાયેલી હતી. કુદરતી સૌંદર્ય જોઈ મનમાં આનંદ સમાતો નહોતો. રસ્તાઓ પાકા ને તમામ પ્રકારની સુવિધા જંગલ વિસ્તારમાં પણ ઊભી કરવામાં આવેલી હોવાથી પ્રવાસીઓની અવરજવર સારા પ્રમાણમાં જણાતી હતી. જંગલ હોવા છતાં પણ રસ્તો એક ક્ષણ



પણ સૂનો પડતો ન હતો. ભીતર આનંદ હોય તો બહાર આખું જગત આનંદમય લાગે તે પ્રત્યક્ષ અનુભવ્યું. અમારા બે કલાક ક્યાં પસાર થઈ ગયા ને સાન્તા ફે આવી પહોંચ્યા તેનો ખ્યાલ પણ ન રહ્યો. એકાદ કલાક પરિચિત વ્યક્તિઓને મળવામાં ગાળી અમે બધાં લગભગ સાડા સાતે શ્રી શારદાબહેનની 'મોટેલ' પર આવી ગયેલા.

ભોજન કરી અમે સમૂહ પ્રાર્થના કરી હતી. શારદાબહેનને ત્યાં આવવાનું મુખ્ય કારણ ભોજન ન હતું. ભોજન માટેનું એમનું આમંત્રણ અસવીકાર્ય કરી અમે સીધા લાસવેગાસ એટલા જ સમયમાં પહોંચી ગયા હોત. ત્યાં જઈ નિરાંતે ભોજન કરી શક્યા હોત. અમારે ભોજન જમવું હતું, જરા જુદા જ પ્રકારની વાનગીનું! તે વાનગી બીજા પાસે મળે એમ હતી જ નહીં. તેનો સ્ટોક તો શારદાબહેન પાસે સ્હેજે મળે એમ હતો. કારણ કે બે દિવસ પર જ તેઓ પૂ. મા સર્વેશ્વરી પાસેથી આવ્યાં હતાં. અલાસ્કાની યાત્રાની અલભ્ય મીઠાઈની અમૂલ્ય વાનગીને આરોગવામાં અમને સૌને પુષ્કળ રસ હતો. તેથી સાઠ માઈલનો ચકરાવો અમે હોંસે હોંસે લીધો હતો. એટલે પ્રાર્થના પૂરી થતાં જ અમે તે વાનગી પીરસવાની શારદાબહેનને વિનંતિ કરી હતી.

શારદાબહેનના હૃદયમાં આનંદ સમાતો નહોતો. તેમની મુખાકૃતિ પર તે સ્પષ્ટપણે છલકાતો હતો તે અમે સૌ જોઈ જ રહ્યા! તેમને કહેવાનો તો ઘણો ઉમળકો હતો. તેમની પાસે ભાષાનો વૈભવ ન હતો. શું કહેવું ને કેવી રીતે કહેવું તે સૂઝતું જ નહોતું! પરંતુ તેમનો હાવભાવ અમને ઘણું કહી દેતો હતો તે એક હકીકત હતી. તેઓ જેમ તેમ એક વાક્ય હરખાતાં હરખાતાં બોલ્યાં : "હું

તો ધન્ય બની ગઇ, ઈશ્વરભાઇ! ખરેખર ધન્ય બની ગઇ!" એટલું કહેતાં કહેતાં તો તેમની આંખોમાં આંસુઓ ચમકી ઊઠયાં હતાં! મેં વાતને આગળ ધપાવવા ધીમેથી પૂછ્યું : "તમને કેવી રીતે મા સાથે યાત્રા કરવાની તક મળી?" તેમને કહેવાનું કાંઇ સૂઝયું હોય તેમ તેઓ ઉતાવળાં બોલવા લાગ્યાં : "ઈશ્વરભાઇ, અદ્‌ભુત રીતથી મને તક મળી! જ્યારથી મેં સાંભળ્યું કે મા સર્વેશ્વરી આ વર્ષે અલસ્કાની યાત્રા કરવા ઘણાને સાથે લઇ જવાનાં છે ત્યારથી મેં પણ પ્રાર્થના કરવા માંડી હતી કે હે પ્રભુ, મને તક મળે તેવું ગોઠવજો! મારી ભાવના મેં રંજનબહેનને ફોનથી જણાવી હતી, પરંતુ જવાબ નિરાશાજનક મળ્યો હતો. એટલે હું તો ઢીલી જ થઇ ગઇ હતી. તેમણે કહેલું કે જગ્યા નથી તેનું શું કરીએ? કોઇ ખાલી જગ્યા પડે તો તમારો પત્તો ખાય. હું વિનોદભાઇદ્વારા પૂ. માને તમારી વાત પહોંચાડી દઇશ." જવાબે મને નિરાશ તો કરી, પણ મેં મારી પ્રાર્થના ચાલુ રાખી હતી. ખરેખર એક દિવસ મારી પ્રાર્થના મા–પ્રભુએ સાંભળી! રંજન-બહેનનો ફોન આવ્યો કે એક જગ્યા ખાલી પડી છે એટલે મા સર્વેશ્વરીએ તમારો સમાવેશ કરી દીધો છે. માટે મુકરર તારીખે કેનેડાનું બુકીંગ કરાવી દેજો. વધારે વિગત પછીથી જણાવીશ. મને તો ખૂબ આનંદ થયો. ઈશ્વરભાઇ, પૂ. માએ મને સાથે રાખીને મને યાત્રા કરવાની સોનેરી તક મળી એ તો મારા જીવનનું સદ્‌ભાગ્ય ગણાય!"

મેં કહ્યું કે બિલકુલ સાચી વાત છે. મારા પ્રારબ્ધમાં ન હતું તેથી હું નથી જઇ શક્યો. મારા પુત્ર ચિ. જયુને તે લાભ મળ્યો તે તેના જીવનનું સદ્‌ભાગ્ય જ ગણાય! પૂ. મા જેવી સંતવિભૂતિના સાંનિધ્યમાં યાત્રા કરવાનો લ્હાવો જેવો તેવો તો ન જ ગણાય! મારી દૃષ્ટિએ તો એવો લ્હાવો અસામાન્ય ગણાય! અતિશય મૂલ્યવાન પણ ગણાય! શ્રી છોટુભાઇએ મારી વાતને સમર્થન આપતાં કહ્યું કે, "પ્રભુની કૃપાવિના પૂ. મા જેવી સંત વિભૂતિના સંપર્કમાં પણ આવી શકાતું નથી. આપણા સમાજનાં તે એક મહાન સંત છે. તેમનામાં અદ્‌ભુત શક્તિ છે તેનો મને પણ એક દિવસ પરિચય થયેલો." મેં કહ્યું : "વાહ, શું તમને પણ પરિચય થયેલો? ક્યારે ને કેવી રીતે તે તો કહો!" છોટુભાઇ જરા ટટાર થયા ને પોતાની વાત ઠાવકાઇથી કહેવા લાગ્યા : "હું ત્યારે લોસ ઍન્જલિસમાં મારા સગાંની ખબર કાઢવા ગયો હતો. મારા સાળોત્રી બિમાર રહેતાં હતાં. ત્યાંના ડોક્ટરે તપાસીને કહેલું કે પેટમાં ગાંઠ છે તે ઓપરેશનથી કાઢવી પડશે. આ વાતથી તેમનામાં ડર પેસી ગયેલો. કોઇ દિવસ હોસ્પિટલમાં ન ગયાં હોય તેને ગભરામણ પણ પુષ્કળ થાય. તેમને એવું થઇ ગયેલું કે હવે મરી જવાનું જ છે. તેમને મા સર્વેશ્વરીમાં શ્રદ્ધા. તેમને ખબર થઇ કે મા સર્વેશ્વરી ભગવાનભાઇને ત્યાં આજે આવે છે. ડોક્ટરે ઓપરેશનની તારીખ પણ આપી દીધી હતી. વચમાં એક દિવસ આડો હતો એટલું જ. તેમણે ભગવાનભાઇને ત્યાં પૂ. માના આશીર્વાદ મેળવી હોસ્પિટલમાં દાખલ થવાનો નિર્ણય કર્યો હતો. તે વખતે હું સાક્ષીમાં છું. તેઓ પૂ. માનાં દર્શન કરી આવ્યાં ને દાખલ થયેલાં. ડોક્ટરે કાપ મૂકતા પહેલાં તેમને ફરીથી તપાસ્યાં તો ડોક્ટર આશ્ચર્ય પામેલા. તે ગાંઠ હવે નથી એટલે ઓપરેશન કર્યાવિના તેમને રજા મળી ગયેલી. આ પ્રસંગ મારી હાજરીમાં બનેલો! બોલો, પૂ. મા સર્વેશ્વરી કોઇ સામાન્ય સંત છે?"



શ્રી છોટુભાઇની વાતને ટેકો આપવા શારદાબહેનમાં અનેરી હિંમત આવી. શારદાબહેને કહ્યું કે, "છોટુભાઇ, અલાસ્કા જતા રસ્તામાં અમારી બસ બગડેલી. જઇ શકે એમ ન હતું. પરંતુ તે

જ બસ માની કૃપાથી ચાલુ થઇ ગયેલી ને બાજુના શહેરમાં અમે પહોંચી ગયેલાં. તે શહેરમાં તે બસ ગેરેજમાં બતાવી તો તે કહેવા લાગ્યો કે તમે આ બસમાં આવ્યાં જ કેવી રીતે?" છોટુભાઇ બોલ્યા : "તો પછી તમે મા સાથે યાત્રા કરી આવ્યા તે તમારા જીવનનું સદ્ભાગ્ય કેમ ન ગણાય?" શારદાબહેને વાતને આગળ ચલાવતાં કહેવા માંડયું કે "તે બસના બદલામાં અમને બીજી બસ આપવામાં આવી હતી. તે બસની ડ્રાઇવર એક મહિલા હતી. તે મહિલા ડ્રાઇવર પણ પૂ. માના વાત્સલ્યથી ભીની બની ગયેલી. તે આપણી ભાષા સમજે નહિ છતાં માનું આકર્ષણ તેને થયેલું. જો કે પૂ. મા તો મૌનમાં હતાં. એટલે ભાષાની કોઇ આડ નડતી નહોતી. પરંતુ તે બહેનને પણ માનો પરિચય થઇ ગયેલો. છૂટા પડતી વખતે તે બહેનની આંખમાં આંસુઓ ઊભરાય આવ્યાં હતાં. એક પરદેશી સ્ત્રી પર પણ પૂ. મા સર્વેશ્વરીએ કેવું કામણ કર્યું કહેવાય? ખરેખર, પૂ. મા એક મહાન સમર્થ સંત જરૂર છે!"

મેં શારદાબહેનને પૂછ્યું કે તમને પોતાને કાંઇ અંગત અનુભવ તો થયો જ હશેને? ત્યારે શારદાબહેને ખૂબ ઉત્સાહથી જવાબ આપતાં કહ્યું કે હા, થયેલો. પૂ. મા મનની વાત જાણી જતાં હોય છે. જેમ પ્રાર્થના તેઓ સાંભળી લે છે તેમ મનની ખાનગી વાત પણ જાણી લે છે. આ અનુભવ તો ઘણાં બધાંને થયો છે. આપણને પાસે બોલાવીને તે વસ્તુ પૂ. મા ખુદ આપે ત્યારે જ આપણને ખબર પડે છે કે આપણી વાત પૂ. મા જાણી ગયાં હતાં. ડાહીબેન આખરે બોલ્યાં : "તો પછી શા માટે આપણો સમાજ માનો લાભ ઊઠાવતો નથી?" શારદાબહેન ટાપસી પૂરાવતાં બોલ્યાં કે "વાત સાચી છે, ડાહીબેન! આપણો સમાજ દુર્ભાગી ગણાય!"



મેં કહ્યું કે સમાજની વાત છોડો. આપણે જે ઓળખી શક્યા છીએ તેમણે માનો લાભ લેવા સદા તૈયાર રહેવું જોઇએ. તે વખતે કામનું બહાનુ કાઢવું ન જોઇએ. જો મા આ તરફ આવે ત્યારે ભેગાં થવામાં પણ આળસ ન કરવી જોઇએ. પૂ. મા માત્ર ભક્ત સમાજમાં જન્મેલાં છે એટલું જ! બાકી મા સર્વેશ્વરી તો આખી દુનિયાની મા છે. માટે આપણે બીજા સમાજના લોકોને પણ ત્યારે સાથે રાખવા જોઇએ. કોઇ પણ જીવને લાભ થાય તેવું ગોઠવવું જોઇએ. ગયે વરસે પૂ. મા સાથે અમે અમેરિકામાં યાત્રા કરી છે ને ત્યારે તેમણે કહ્યું છે કે આપણે આવી જ યાત્રા ફરીથી કરીશું. એટલે આવતી સીઝનમાં પૂ. મા જરૂર આ તરફ આવશે જ. તમારી પ્રાર્થના પણ આ અંગે થતી રહેવી જોઇએ.

શ્રી છોટુભાઇએ ઘડીયાળ બતાવી મને ઉઠવાનો ઇશારો કર્યો. દસ વાગી ગયા હતા. હજી સાઇઠ માઇલ જઇને અમારે વિશ્રામ કરવાનું હતું. શ્રી શારદાબહેનની મિષ્ટાન્નની વાનગી વાગોળતા વાગોળતા અમે અમારી મંઝિલે પહોંચી ગયેલા, ત્યારે બરાબર સવા અગિયાર વાગી ચૂક્યા હતા. (ક્રમશઃ)

## * વ્યાખ્યાન *

ગુજરાત યુનિવર્સિટી તરફથી યુનિવર્સિટી સેનેટ હોલમાં અમદાવાદ ખાતે તા. ૨૨-૧-૯૯ ના રોજ સાંજે ૬ વાગે ભાગવતાચાર્ય પ્રા. જનાર્દનભાઇના વ્યાખ્યાનો રાખવામાં આવેલ છે. સૌ સાધકોને પધારવા આમંત્રણ છે.

# આત્મચિંતન

મૂળ લેખક : માર્ક્સ ઓરેલિયસ
અનુવાદ : પં. દેવકૃષ્ણ શાસ્ત્રી

(૧)

સેવા કરીને નામના મેળવવી અથવા સેવાના બદલામાં સેવા મેળવવાની ઈચ્છા રાખવી એ મૂર્ખતા છે. તમે આપેલી સેવા અને બીજાઓ દ્વારા એ સેવાનો સ્વીકાર એ જ બે મહત્ત્વની વસ્તુઓ છે. આ સિવાયની કોઇ ત્રીજી વસ્તુની શોધમાં ન પડો.

(૨)

તમે અર્પેલી સેવા બીજાઓને પહોંચે એમાં જ તમે સેવા મેળવી લો છો. મેળવવામાં કાંઇ થકાવટ નથી. સેવા કરવી એ સેવા મેળવવા જેવું જ છે. તો પછી એનાથી થાકવું શા માટે?

(૩)

જે પરમશક્તિએ આ જગત રચ્યું છે એણે દરેક વસ્તુને નિયમબદ્ધ કરી દીધી છે. જે કાંઇ બનાવ બને છે એ બધા સૃષ્ટિની ભલાઇ માટે જ બને છે. આથી ચિંતા ન કરો. કેટલાક દિવસો પછી તમે પણ, તમારા પૂર્વજોની જેમ આ દુનિયામાંથી ચાલી નીકળશો, આ વાત ધ્યાનમાં રાખીને સાવધાનીથી દરેક કામ કરો. બીજાના હિતમાં રાજી રહેવું એ જ માનવમાત્રનો સ્વાભાવિક ધર્મ છે. અધર્મ–માર્ગ તરફ ભૂલેચૂકે પણ ન જશો. તમારી વાણી પણ ન્યાયી રહેવી જોઈએ. એમાં ક્યારેય પણ અવિનય કે મિથ્યાચાર આવવા ન દેશો.



(૪)

એક ઝાડ છે અને એનું એક પાંદડું છે. પોતાના પોષણ માટે જે કાંઇ જોઇએ એ બધું પાંદડાને ઝાડ પાસેથી મળી રહે છે. તમે પણ પરમાત્મારૂપી વૃક્ષનું એક પાંદડું જ છો. પરમાત્મા તમારું રક્ષણ કર્યા કરે છે. એમની શક્તિ, એમનો ન્યાય તથા એમનું જ્ઞાન અપાર છે. દરેક જીવને એ જરૂરિયાત પ્રમાણે આયુષ અને સામર્થ્ય આપે છે. અલગ અલગ રીતે જોઇએ તો પરમાત્મા કોઇમાં ઓછા અને કોઇમાં અધિક દેખાય છે; પરંતુ એકસાથે, એક નજરથી જોઇએ તો બધાં સમાન સ્વરૂપનાં દેખાય છે.

(૫)

આ સંસારમાંથી કોઇ પણ ક્ષણે તમારે માટે તેડું આવે–વહેલું કે મોડું, ત્યારે કોઇ પણ જાતની આનાકાનીવિના જવા માટે તૈયાર થઇ જાઓ. જે શક્તિએ તમને પેદા કર્યા છે, તે કહે છે કે, હવે તમારું કામ પૂરું થયું છે. નાટકના સૂત્રધારને અધિકાર છે કે નટ–નટીને ચાલુ ખેલમાં જ્યારે ઇચ્છે ત્યારે બોલાવી લે. નટ–નટી આનાકાની નથી કરી શકતાં. નાટક કદી અધૂરું રહી જાય તોપણ સૂત્રધારનો નિર્ણય એ જ છેલ્લો નિર્ણય હોય છે. આથી ચિંતા છોડો, શાંતિ રાખો. ભગવાન તમારા રક્ષક છે.

□

# ગુરુ ક્યારે મળે?

(શ્રીમદ્ ભાગવત્‌ના આધારે) **નાનાભાઇ ભટ્ટ**

મારા નસીબયોગે જેમ આપ મને મળી ગયા તેમ બધા લોકોને યોગ્ય ગુરુઓ મળતા નથી. અને યોગ્ય ગુરુને અભાવે માણસ સંસારમાંથી છૂટવાની ઘણી ઇચ્છા હોવા છતાં છૂટી શકતો નથી. માટે આવા યોગ્ય ગુરુ મેળવવા માટે માણસે શું કરવું જોઇએ તે આપ મને જણાવો.

શુકદેવજી બોલ્યા : મહારાજ! તમે મને ઠીક પ્રશ્ન પૂછ્યો. જે માણસનો અંદરનો અધિકાર પાકી ગયો હોય, તેને યોગ્ય ગુરુ ન મળે એવું બને જ નહિ. વિશ્વનો સનાતન નિયમ એવો છે કે જેનું હૃદય બરાબર જ્ઞાન લેવા માટે પાકી ગયું હોય તેને વિશ્વના કોઇને કોઇ ખૂણામાંથી પણ ગુરુ આવીને મળી રહે છે, ને તેનો હાથ ઝાલીને જ્ઞાન આપે છે. માટે માણસે ગુરુને મેળવવાની મહેનત કરવી એ જરૂરની છે, પણ એથી યે વધારે જરૂરી તો પોતાના અંતરનો અધિકાર વધારવાની છે. હૃદય બરાબર પાકીને તૈયાર થઇ ગયું એટલે એ હૃદય પોતે જ વિશ્વમાંથી ગુરુને ખેંચી લાવશે ને એ રીતે કૃતાર્થ થશે. આ એક વાત.

પણ મહારાજ! માણસ જો આંખ ઊઘાડીને જુએ અથવા તો કાન દઇને સાંભળે તો ભગવાને પોતાની સૃષ્ટિમાં ઠેકઠેકાણે ગુરુઓ મૂક્યા જ છે. પણ સંસારમાં માણસ આંખો મીંચીને તથા કાન બંધ કરીને જ ચાલે છે એટલે તેની પાસે જ પડેલા ગુરુઓને તે નથી દેખતો, નથી સાંભળતો. જેની આંખ જોતાં શીખી ગઇ છે અને જેના કાન સાંભળતાં શીખ્યા છે તેને તો વિશ્વનો એકેએક પદાર્થ ગુરુ છે. આપણે ત્યાં ગુરુ દત્તાત્રેય થઇ



ગયા. તેમણે ચોવીસ ગુરુઓ કર્યા હતા એ જાણીને તમને નવાઇ લાગશે. એમના ગુરુ સંભળાવું? પૃથ્વી, વાયુ, આકાશ, જળ, અગ્નિ, મધમાખી, વેશ્યા ને ટીટોડી. આ બધા ય એમના ગુરુ હતા. આ તમામના જીવનમાંથી ગુરુ દત્તાત્રેયે જીવનનો સાર ખેંચ્યો હતો ને એ સારને હૃદયમાં વણીને એ ઉત્તમ જીવન જીવ્યા હતા. દત્તાત્રેય ભગવાને ચોવીસ ગુરુ કર્યા; પણ એ રીતે માણસ પોતાને ફાવે તે પદાર્થમાંથી બોધ મેળવે એટલે એ તેનો ગુરુ. દરેક પદાર્થમાંથી, દરેક બનાવમાંથી આવો જીવનસાર મેળવવાની શક્તિ એ મહત્ત્વની વસ્તુ છે. ગુરુ પણ જ્ઞાન આપે તેના કરતાં આવી શક્તિને ખીલવશે એ જ સાચું ગુરુપણું છે. સાચા ગુરુઓ જ્ઞાન આપે છે એમ બોલવા કરતાં શિષ્યને વિશ્વમાંથી પોતાની મેળે જ્ઞાન ખેંચવાની શક્તિ આપે છે એમ કહેવું એ વધારે યથાર્થ છે. અને આ પ્રમાણે આવેલું જ્ઞાન એ જ સાચું જ્ઞાન ગણવું જોઇએ.

**ભાગવતની બ્રાહ્મણોને શીખ**

તક્ષક નાગ એ ખરી રીતે તો સંસારનું રૂપક છે. જીવમાત્રને એક યા બીજી રીતે સંસારનું ઝેર ચડે છે અને એ ઝેરમાંથી ઊગરવાનો એકમાત્ર ઉપાય ભગવાનની ભક્તિ છે. તમે લોકો આ યજ્ઞયાગાદિ કર્યા કરો છો તે તમારાં કર્મો ભક્તિવિના લૂખાં રહેવાનાં છે એમ સમજજો. કર્મ, જ્ઞાન, યોગ, સમાધિ તેમ જ બીજા નાનામોટા ધર્મમાર્ગો આવી ભક્તિવિના નકામા છે. માણસનું હૃદય ભક્તિથી ભીનું ન થયું હોય, ત્યાંસુધી તેમાં ભક્તિનો અંકુર ફૂટતો નથી. આ ભક્તિ એ તો સૌને માટે ખુલ્લો એવો ધર્મનો સ્પષ્ટ માર્ગ છે. એમાં નથી નાતજાતનો ભેદ, નથી રૂપરંગનો ભેદ, નથી ગરીબતવંગરનો ભેદ, નથી પંડિતમૂર્ખનો ભેદ કે નથી સ્ત્રીપુરુષનો ભેદ. દુષ્ટમાં દુષ્ટ, નીચમાં નીચ, ગરીબમાં ગરીબ, અભણમાંથી અભણ અને સમાજમાં હલકામાં હલકી પાયરીએ પડેલો માનવી પણ આ ભક્તિમાર્ગનો અધિકારી છે.

'હે બ્રાહ્મણો! તમારા આ કર્મમાર્ગમાં તમે ભક્તિનું આટલું રહસ્ય ઉતારશો તો તમારાં કર્મો જે આજે જડ બની ગયાં છે તે ચેતનવંતાં થશે, તમારી બુદ્ધિ જે કર્મઠ બની ગઈ છે તે વધારે કોમળ થશે, તમારી આંખોમાં અભિમાન તેને સ્થાને પ્રેમ આવશે અને તમે દુનિયામાં પ્રભુના અદના ભક્તો બનીને સમાજના હિતચિંતકો થઈ રહેશો.'

○

## જયમા બોલજો રે

ૐ મા જયમા બોલજો રે, કાલ કોણે દીઠી,
આજનો લ્હાવો લીજીએ રે, કાલ કોણે દીઠી.
વાણીના મેહુલા ને નૃત્યની રે હેલી,
સુખનો લ્હાવો લીજીએ રે, કાલ કોણે દીઠી,
ૐ મા જયમા બોલજો રે, કાલ કોણે દીઠી.
પ્રભુના ગુણ જોને એવા રે મીઠડાં,
હર્ષ ઓવારણા લીજીએ રે, કાલ કોણે દીઠી,
ૐ મા જયમા બોલજો રે, કાલ કોણે દીઠી.
ફૂલની રે ગાદીને ફૂલના રે તકિયાં,
ફૂલનાં બીછાના બીછાવીએ રે, કાલ કોણે દીઠી,
ૐ મા જયમા બોલજો રે, કાલ કોણે દીઠી,
પ્રભુની આરતીને માતાની સેવા,
ભક્તોને દર્શન દીધા રે, કાલ કોણે દીઠી,
ૐ મા જયમા બોલજો રે, કાલ કોણે દીઠી,

— ગંગાબેન કપુરા



# પ્રેરક પ્રસંગો

ઝિંઝુવાડિયા કનૈયાલાલ

દ્વારિકામાં મસીદમાં હિંદુ–મુસલમાન જેવો કોઈ ભેદભાવ નહોતો. મુસલમાનો પહેલાં નારાજ થતા પણ પરિચયમાં આવ્યા બાદ બાબાના ભક્ત બની જતા. વાંદરાના અમીરસક્કરે શીરડીમાં ઉરુસ ભરવાનો પ્રસ્તાવ મૂક્યો. ત્યારે સાંઈબાબાએ તે માટે રામનવમીનો દિવસ જ પસંદ કર્યો. તે દિવસથી શીરડીમાં રામનવમીના દિવસે બે સરઘસો નીકળવા લાગ્યાં. એક ધ્વજારોપણનું, બીજું સંદલનું! બંને જુલુસો મસીદમાંથી વાજતે ગાજતે નીકળતાં અને બંને કોમો અરસ–પરસ તેમાં ભાગ લેતી.

એ દિવસોમાં કેટલાક રૂઢિચુસ્ત મુસલમાનો એમ માનતા કે, બાબા તો ઓલિયા ફકીર છે. હિન્દુઓ તેને ધર્મવિરુદ્ધ આચરણ કરવા ફરજ પાડે છે. કપાળે ચંદન કરી તેની પૂજા કરે છે. મસીદમાં શંખનાદ કરે છે. બાબા પર બળજબરી કરી આ બધું કરાવાય છે. એવા ખ્યાલથી તેઓ સંગમનેરથી એક કાજીને બોલાવી લાવ્યા. અને ગામના મુસલમાનો હિન્દુભક્તોને મસીદમાં બાવાની પૂજા કરવા આવતા રોકવા હાથમાં લાઠી–ડંડા સાથે તૈયાર ઊભા. પૂજા કરવા આવેલા મહાબસાપતિ આ બધું જોઈને ગભરાઈ ગયા અને બહાર જ ઊભા રહી ગયા. એ જોઈને બાબાએ જાતે જ એને અંદર બોલાવ્યા. કાજી આથી એકદમ ચૂપ થઈ ગયા. ઝનૂની મુસ્લિમો વિખરાઈ ગયા. કારણ કે અહીં બળજબરીને બદલે તેમણે કેવળ પ્રેમનાં જ દર્શન કર્યાં. શીરડીના મુસલમાનોએ ત્યાર

બાદ કદી પણ આવું ઝનૂની વર્તન દાખવ્યું નથી.

ત્યાર બાદ એક પઠાણ બચ્યો. શીરડી સાંઇબાબાના દર્શને આવ્યો, ત્યારે હિન્દુઓ મસીદમાં બાબાની પૂજા–આરતી, ભજન–કીર્તન ઇત્યાદિ કરે તે તેને ગમતું નહોતું. આથી તેણે એકવાર રાત્રિ સમયે બાબાને કહ્યું, આ લોકો તમને બગાડે છે. મુસલમાન ધર્મની આ બધું ખિલાફ (વિરુદ્ધનું) છે. હું આ સઘળા કાફરો જે અહીં સૂતા છે, તેમને મારી નાંખવા માગું છું.

બાબાએ કહ્યું, "ગુનો મોટો છે. હું પૂજા કરવા દઉં છું તો જ તેઓ તે કરે છે. માટે તું મારા જ ગળા પર તારી તલવાર ચલાવી દે એટલે પત્યું." ઝનૂની પઠાણ નાહિંમત બની ગયો. આવા ચમત્કારિક ફકીરની હત્યા કેમ થઇ શકે? અને હિન્દુઓની કત્લે-આમ થતી બચી ગઇ.

એ પછી બીજો એક રોહિલો નામનો પઠાણ તો હિન્દુઓ પાસે પોતાની પૂજા કરાવતા બાબા પર જ રોષે ભરાઇ બાબાને મારવા ધસ્યો હતો, પણ બાબાએ તેનો હાથ પકડી તેની આંખમાં જોયું અને રોહિલો ઘેટા જેવો બનીને બાબાના પગમાં ઝૂકી પડયો.



# રામકથા

(ગતાંકથી ચાલુ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

'સીતાને માટે વિભીષણે પાલખી મંગાવી. એ જ વખતે એને મંદોદરી યાદ આવી. એણે કહ્યું : 'મંદોદરીને મળ્યા વિના મારાથી રામની પાસે નહિ જઇ શકાય. એનો પ્રેમ અને મારા માટેની એની લાગણી અજબ છે. વળી અત્યારે એ દુઃખી હશે. એટલે એને મળવા માટે મારું મન ઝંખી રહ્યું છે.'

વિભીષણે સૂચના મોકલવાથી થોડીવારમાં મંદોદરી આવી પહોંચી, એટલે સીતા એને ભેટી પડીને બોલી : 'મને મારા પતિ પ્રાપ્ત થયા પરંતુ તને તો તારા પતિ છોડીને ચાલ્યા ગયા. તારા દુઃખમાં હું પણ સહભાગીની છું.'

મંદોદરી મંદ, કરુણ છતાં સુધામય સ્વરે બોલી : 'જે થવાનું હતું તે થઇ ગયું. તેનો મને શોક નથી. મારી જાતને મેં સંભાળી લીધી છે. મારા પતિને મેં વારંવાર સમજાવ્યા તોપણ એમણે ન માન્યું. એમનું ભવિષ્ય આવું જ થશે એની કલ્પના મેં કરી લીધેલી. એટલે એમનું મૃત્યુ ઘણું દુઃખદ હોવા છતાં એ મૃત્યુના સમાચાર અણધાર્યા નથી મળ્યા. મારા અંતરને એટલી શાંતિ છે કે, તને તારા પ્રાણ પ્યારા રામનો મેળાપ થશે અને તારું દીર્ઘ-કાળનું દુઃખ દૂર થશે.'

સીતાની આંખ ભરાઇ આવી. એણે કહ્યું : 'તને આ દશામાં છોડી જતાં મન નથી માનતું. તેં મારે માટે પુષ્કળ પ્રેમ બતાવ્યો છે

ને બનતું બધું જ કર્યું છે. વિધાતા પણ કેવો છે કે, જેણે મને દુઃખના દિવસોમાં સાથ અને સહકાર આપીને સુખી કરવાની કોશિશ કરી તેના જ દુઃખના દિવસોમાં મને તેનાથી દૂર લઈ જાય છે!'

સીતાના કહેવાથી મંદોદરી તથા ત્રિજટા એની સાથે થઈ.

સીતાને એથી શાંતિ થઈ.

વિભીષણે મંગાવેલી પાલખી આવી પહોંચી પરંતુ સીતાએ એના પર બેસવાની અનિચ્છા બતાવી. એણે કહ્યું : 'ત્રિજટાએ આપેલી માહિતી મુજબ રામ રાવણ સાથે યુદ્ધ કરવા તૈયાર થયા ત્યારે ઇન્દ્રે એમને માટે ચાર સુંદર અદ્દભુત અશ્વોવાળો રથ મોકલેલો, એટલે રામ તો એ રથમાં બેઠા હશે, પરંતુ લક્ષ્મણ, સુગ્રીવ અને બીજા નાનામોટા અનેક વાનર યોદ્ધાઓ કોઈ પણ જાતના સાધન વિના જમીન પર હરેફરે છે, એમની વચ્ચે હું પાલખીમાં બેસીને જવા નથી માગતી. પાલખીમાં કે બીજા કોઈ વાહનમાં જવા કરતાં હું પગે ચાલીને જ જવાનું વધારે પસંદ કરીશ. એવી રીતે જવાથી મને સારું લાગશે.

વિભીષણે એની ભાવનાની કદર કરીને કોઈ પ્રકારનો દુરાગ્રહ ન કર્યો એટલે સીતા એમની સાથે પગે ચાલવા માંડી.

મંદોદરીએ પણ સીતાને સાથ આપવા પાલખીમાં બેસવાને બદલે પગે ચાલવાનું જ પસંદ કર્યું.

વિભીષણ, હનુમાન, મંદોદરી તથા બીજા પરિચારક–પરિચારિકા સાથે સીતાને પોતાની પાસે આવતી જોઈને, એના અલૌકિક લાવણ્ય પરથી એ સીતા જ છે એવું અનુમાન કરીને, વાનરસેનાએ ગગનભેદી ગર્જના કરીને જય જયકાર કર્યો.



એ જય જયકારનો હર્ષધ્વનિ ચારે તરફ ફરી વળ્યો.

સીતાએ એનો હાથ જોડીને નમ્રતાથી ઉત્તર આપ્યો.

સીતાને પાસે આવતી જોઈને રામ, લક્ષ્મણ અને સુગ્રીવ ઊભા થયા.

સીતા, રામ તથા લક્ષ્મણને નિહાળીને આનંદી ઊઠી. એનો અનુરાગથી અંજાયેલો આત્મા શરીરને છોડીને જાણે કે પુનર્મિલનનો ઉત્સવ કરવા રામની પાસે પહોંચી ગયો.

કેટલું બધું સુખદ, અજબ અથવા અનેરું હતું. એ પુનર્મિલન?

એમાં ન કોઈ નોંધપાત્ર, આગળ પડતી તરી આવતી, બાહ્યવિધિ હતી કે ન સ્નેહ અથવા શિષ્ટાચારયુક્ત શબ્દોની દેખીતી આપલે.

અંતર કેવળ અંતર સાથે વાતો કરતાં'તાં.

રામ અને સીતાની આંખમાંથી પવિત્ર પ્રેમનાં આંસુ ટપકવા લાગ્યાં.

રામ સીતાના સૂકાયેલા શરીર તરફ ટકટકી લકાવીને જોઈ રહ્યા.

સીતાના કરમાયેલા કાળજા પર જાણે કે સુધાની વૃષ્ટિ થઈ.

એથી એને અનેરી શાંતિ મળી.

એણે પણ રામના કૃશ શરીર તરફ જોયું, એમના મધુર મુખનું દર્શન કર્યું, અને એની દૃષ્ટિ ધરતી પર ઢળી પડી.

એનાથી એ પછી ઉપર જોવાયું જ નહિ.

હૃદયમાં, રોમેરોમમાં, પ્રેમની વીણા વાગવા માંડી ત્યાં સ્વાગતના શબ્દો કોણ કહે અને અભિનંદનના ભાવોને કોણ બોલી બતાવે?

બંનેના કંઠ રુંધાઈ ગયા.

ભાવો તથા શબ્દો ગળામાં જ રહી ગયા, અથવા અંતરમાં સમાઈ ગયા.

એક પ્રકારની ભાવસમાધિ થઈ ગઈ.

લાંબા વખત લગી એવી અવર્ણનીય અવસ્થામાં રહ્યા પછી સીતા રામને પગે લાગી ને બોલી : 'આજે મને જીવન મળ્યું. અત્યાર સુધી જાણે કે નરકમાં હતી; હવે મને તમારા દેવદુર્લભ દર્શનથી સ્વર્ગસુખની પ્રાપ્તિ થઈ.'

'મારું જીવન પણ તારા વિના ખાલી હતું, સીતા!' રામ બોલી ઊઠયા : 'એ જીવનમાં આનંદ ન હતો, રસ ન હતો, તેમ જ શાંતિ પણ ન હતી. મારી કાળજાને કોરી નાંખનારી કારમી વ્યથાનો હવે અંત આવ્યો. મારા શરીરમાંથી જાણે કે આત્મા જ ચાલ્યો ગયેલો તે પાછો આવ્યો.'

લક્ષ્મણે રામની અત્યંત કરુણ અવસ્થાનો સંક્ષેપમાં પરિચય કરાવ્યો ને કહ્યું : 'રામ તમારા વિના જાણે રામ જ ન હતા. એમને લેશ પણ સુખ નહોતું લાગતું.'

(ક્રમશઃ)

## * અંધકારમાં પ્રકાશ પામો *

જ્યારે જ્યારે કોઈ અસ્પષ્ટ વાતાવરણ જાગે કે 'શું સારું ને શું નરસું' ત્યારે મહાન આત્માઓનો વિચાર કરો. મહાન આત્માઓ એટલે વીર કે પરાક્રમી પુરુષો નહિ, પરંતુ એ અલૌકિક પુરુષો જેમણે જીવનના ઉચ્ચોચ્ચ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે સંસારના પ્રલોભનાત્મક પદાર્થોની આસક્તિ તોડી નાંખી હતી. આ લોકોને શું જીવન, તેમાં રહેલો રસ, આનંદ વગેરે પ્રિય ન હતાં? અલબત્ત, તેમની તે માટે ઈચ્છા હતી જ, પરંતુ તેમને સાથે સાથે ખબર હતી કે સંસારનો જે રસ ને આનંદ, કે જે ઈન્દ્રિય કે મનની અનુભૂતિની અંતર્ગત આવી જાય છે ને માણસ એક ગુલામની જેમ તેનો ભોગ કરે છે, તેના કરતાં વધારે સ્થાયી ને સાચો રસ કે આનંદ તો મન–ઈન્દ્રિયથી પર છે, ને તે મનુષ્યને પ્રાપ્ત થાય છે, જે તેનો સ્વામી બને છે. માટે સત્ય અને આનંદને માટે સ્વામી થવાની જરૂર છે. ને આ સ્વામી એટલે મન ને ઈન્દ્રિયના સ્વામી, પ્રકૃતિના અધિષ્ઠાતા.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

## * દ્વંદ્વોમાં ઈશ્વર કૃપા *

ઈશ્વરની કૃપા એટલી અનેરી છે કે જેના પર તે થઈ હોય છે કે થતી હોય છે તેવા માણસોની પણ કોઈક વાર ખૂબ ખબર લે છે. સામાન્ય રીતે માણસ એમ જ માને છે કે લૌકિક રીતે સુખ લાગે તો જ ઈશ્વરની કૃપા છે. સંકટ, દુઃખ કે વિપરીત પરિસ્થિતિમાં તેમની ઈશ્વરનિષ્ઠા ડગી જાય છે, ને ઈશ્વરની અવકૃપાનો તેમને ભાસ થાય છે. પણ આ એક અજ્ઞાન માત્ર છે. લૌકિક રીતે કેવલ સુખ જ જરૂરી છે એમ માનવું તદ્દન સાચું નથી, ને ઘણી વાર સુખને માટે દુઃખની જરૂર પણ પડે છે એ એક સત્ય વસ્તુ છે. આમ સમજનાર પુરુષ કદી દુઃખમાં ડગતો નથી. તે ઉપરાંત જેનો એવો વિશ્વાસ છે કે ઈશ્વર સર્વ કાંઈ મંગલ જ કરે છે, તે દુઃખ કે કષ્ટમાં પણ મંગલતાનું દર્શન કરે છે તથા ઈશ્વરનું કંઈક રહસ્ય સમજે છે. દુઃખમાં તેની શ્રદ્ધા ડગી જતી નથી.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.